MANOGAT • Year-39 • Issue-22 • 25 February 2021 • Maha Sud 13, Samva 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28



# मनोगत

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योग: कर्मसु कौशलम् ।




## ગુજરાત રહ્યું મક્કમ ભાજપ સાથે અડીખમ


**મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીના વરદ હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ એન્કલેવના ભૂમિપૂજનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મહાનુભાવો**














Year : 39, Issue : 22, Pages : 28

**તંત્રીસ્થાનેથી**

# ગુજરાતની ૬ મહાનગરપાલિકામાં કમળક્રાંતિ દ્વારા ભગવો લહેરાયો એ બદલ સૌને અભિનંદન

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રામાણિક, પુરુષાર્થી અને પ્રબળ નેતૃત્વ અને કમળ પ્રત્યેની મતદાતાઓની સુશાસન અને વિકાસની શ્રદ્ધાનું આ મજબૂત પરિણામ છે.

આપણા પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલે બહુ સાચું કહ્યું કે - ચૂંટાયેલા સૌની જવાબદારી આ વિજયથી બહુ વધી જાય છે.

કમળના કારણે ચૂંટાયેલા સૌએ જળકમળવત્ રહી જાહેર જીવનમાં પ્રજાનાં રોજબરોજનાં કામોમાં નિ:સ્વાર્થપણે ઉપયોગી થઈ પક્ષની સુગંધને વધુ ને વધુ પ્રસરાવવી પડશે. વિકાસની ગાડીને તેજ ગતિ આપવા સાચી દિશામાં પૂરતી શક્તિથી કામે લાગી જવું જ પડશે. આજે આપણા દ્વારા થયેલાં વિકાસકામોને છાતી ઠોકીને આપણે ગણાવી શક્યા છીએ તેવી જ રીતે ફરી ભવિષ્યના આવા સમયે આપણે 'સેવાનો હિસાબ' આપી શકીએ તે માટે કટિબદ્ધ પણ આજથી જ આપણે બનવું પડશે.

આપણો તો એ મંત્ર જ છે કે - 'પથકા અંતિમ લક્ષ્ય નહીં સિંહાસન ચઢતે જાના' - આપણો ધ્યેય તો સુશાસન, વિકાસ અને દેશના પરમવૈભવના દીપકનો પ્રકાશ ચોમેર ફેલાવવો તે છે.

આ અંક તમારા સૌના હાથમાં આવશે ત્યાં સુધીમાં તાલુકા-જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ પણ સુપેરે પૂર્ણ થઈ ગઈ હશે. આ અંકમાં વિશેષ સ્વરૂપે કેન્દ્રીય બજેટની છણાવટપૂર્વકની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવો તેને જન જન સુધી પહોંચાડવા કટિબદ્ધ બનીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક :
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# જનતા જનાર્દનનો જનાદેશ

## ગુજરાત રહ્યું મક્કમ ભાજપા સાથે છે અડીખમ

**આપણી આ જંગી જીત ભાજપાના કમળ અને લાખો કાર્યકર્તાઓના સાથ અને સહકારની જીત**





## ભાજપાનો કાર્યકર્તા વિરોધીઓની નબળાઈ પર નહિ પરંતુ પોતાનાં કાર્યોના બળ પર જીત મેળવે છે - શ્રી સી. આર. પાટીલ

ખાનપુર મહાનગર ભાજપા કાર્યાલય જે. પી. ચોક ખાતે ભાજપાનો ૬ મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભવ્ય વિજય થતાં વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. જનતા જનાર્દન જનાદેશ અને ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમનાં સૂત્રો સાથે ઉપસ્થિત સૌ કાર્યકરોએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલનું સ્વાગત કર્યું હતું. મહાનુભાવો જયારે કાર્યક્રમમાં પધાર્યા ત્યારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિજેતા થયેલ કોર્પોરેટરશ્રીઓએ ખેસ લહેરાવી, કમળની પ્રતિકૃતિથી સ્વાગત કર્યું હતું. ઢોલ, નગારાં, ત્રાંસા તેમજ આતશબાજી કરીને સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.


આ વિજયોત્સવમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, આ વિજયમાં



**ગુજરાત ભાજપની આ ઐતિહાસિક જીત ગુજરાતની જનતાની આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની જનકલ્યાણકારી અને વિકાસોન્મુખ નીતિઓમાં પૂરી શ્રદ્ધાની જીત છે. હું પ્રદેશની જનતાનો ભાજપામાં નિરંતર વિશ્વાસ પ્રકટ કરવા બદલ ધન્યવાદ પાઠવું છું. ગુજરાતની બધી જ ૬ મહાનગરપાલિકામાં ભાજપને ભવ્ય વિજય મળેલ છે. હું આ અભૂતપૂર્વ વિજય બદલ બધી જ છ મહાનગરપાલિકાના મતદારો, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ તથા પાર્ટીના કાર્યકરોને ધન્યવાદ પાઠવું છું.**



## ભાજપાનો આ વિજય ભાજપા સરકારની કાર્યશૈલી, ભાજપાના સિદ્ધાંતો, કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમ અને જનતાના અપાર સ્નેહને આભારી છે
## - શ્રી અમિતભાઈ શાહ



ગુજરાતમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનાં પરિણામ આવ્યાં. આમ તો એક દૃષ્ટિથી આખા ગુજરાતને કવર કરે છે. ગુજરાતના દરેક ખૂણામાં ક્યાંક ને ક્યાંક મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી થઈ અને જે પરિણામ આવ્યું તે પરિણામ દેખાડે છે કે ગુજરાત ભારતીય જનતા પાર્ટીના ગઢરૂપે ફરીથી એકવાર પોતાને પ્રસ્થાપિત કરે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં જે વિકાસની યાત્રા ચાલુ થઈ હતી તેને ભારતીય જનતા પાર્ટીએ ચાલુ રાખી છે. અને આજે જે પરિણામ આવ્યાં છે તે અત્યાર સુધીમાંનાં સૌથી સરસ પરિણામમાંનું એક પરિણામ છે. જેટલી પણ સીટો પરથી ભારતીય જનતા પાર્ટી લડી છે તેમાંથી ૮૫% સીટ ભારતીય જનતા પાર્ટી જીતી છે અને કોંગ્રેસ પાર્ટી આ ચૂંટણીમાં ખરાબ રીતે હારી છે. આખા ગુજરાતમાં ફક્ત ૪૪ સીટો કોંગ્રેસને મળી છે અને ૪૪ સીટો ગુજરાતમાં ભાવનગર કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટીએ મેળવી લીધી છે તો એક પ્રકારથી આખી ભારતીય જનતા પાર્ટીને ગુજરાતની જનતાએ સમર્થન આપ્યું છે. આના માટે હું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને, ઉપમુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલને અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ અને તેમની ટીમને હું ખૂબ ખૂબ શુભેચ્છા આપવા માંગું છું.

કોરોનાકાળ પછી આ પહેલી ચૂંટણી થઈ રહી છે. વિપક્ષે આને મુદ્દો બનાવવાની કોશિશ કરી હતી. પણ જે રીતે મોદીજીના નેતૃત્વ હેઠળ કોરોનાની લડાઈ લડયા હતા અને અહીં વિજયભાઈ અને નીતિનભાઈના નેતૃત્વમાં કોરોનાની વિરુદ્ધ લડાઈ લડ્યા હતા. ગુજરાત ની જનતાએ તેના પર મહોર લગાવવાનું કામ કર્યું છે અને સ્પષ્ટ સંદેશ મોકલ્યો છે કે જ્યારે આપત્તિ આવે છે ત્યારે શાસનનું દાયિત્વ જે નિભાવવાનું જે જોશ હોય છે તે ભારતીય જનતા પાર્ટીએ ખૂબ સરસ રીતે કરી બતાવ્યું છે. અને ખૂબ સરસ રીતે મોદીજીના નેતૃત્વમાં અને રૂપાણીજીના નેતૃત્વમાં લડ્યા છીએ..

કાર્યકર્તાઓની મહેનત દીપી ઊઠી છે. તમામ કાર્યકર્તાઓને વંદન સાથે અભિનંદન પાઠવું છું. કર્ણાવતી મહાનગરમાં ગઈ વખતે ૨૦૧૫માં ૧૪૨ બેઠકો હતી તેની સામે આ વખતે ૧૫૯ બેઠકો કર્ણાવતીની જનતાએ આપી છે તે બદલ કર્ણાવતી મહાનગરની જનતાનો આભાર માનું છું. સમગ્ર છ મહાનગરપાલિકામાં કુલ ૫૭૬ બેઠકોમાંથી ૪૮૪ જેટલી બેઠકો પર ભાજપાના ઉમેદવારોને વિજય અપાવવા બદલ જનતા જનાર્દનનો આભાર માનું છું. જનતાએ જે વિશ્વાસ ભાજપા પર છેલ્લાં ૩૦ વર્ષથી મૂક્યો છે તે વિશ્વાસને ટકાવી રાખવા ભાજપાનો એક એક કાર્યકર પ્રજાની વચ્ચે રહીને સેવાકાર્યો કરશે તેની હું ખાતરી આપું છું.

શ્રી સી. આર. પાટીલે નવા ચૂંટાયેલા ઉમેદવારોને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, આવતીકાલથી જ વિસ્તારમાં જઈને સૌ ઉમેદવારશ્રીઓ પ્રજાની સેવામાં લાગી જાય. ભાજપાનો કાર્યકર્તા વિરોધીઓની નબળાઈ પર નહિ પરંતુ પોતાનાં કાર્યોના બળ પર જીત મેળવે છે. સૌ વિજયી ઉમેદવારોને અભિનંદન આપતાં પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, આપણી આ જંગી જીત ભાજપાના કમળ અને લાખો કાર્યકર્તાઓના સાથ અને સહકારની જીત છે. ભાજપાનો કાર્યકર પક્ષ માટે હમેશા સર્વેસર્વા રહ્યો છે અને ભવિષ્યમાં પણ સર્વેસર્વા રહેશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભાજપાએ અવિરત વિકાસના પ્રજાલક્ષી- ગરીબલક્ષી કાર્યો કર્યાં છે, જેના કારણે ભાજપાને એન્ટીઈન્કમબન્સી નડતી નથી દર વખતે ચૂંટણીમાં ગઈ વખત કરતાં વધુ બેઠકો અને વધુ લીડથી ભાજપા જીતે છે. તેમણે સૌ ઉમેદવારોને સેવાકીય પ્રવૃત્તિ કરી એક આગવું સ્થાન પ્રજાના મનમાં ઊભું કરવાની અપીલ કરી હતી.

તેમણે આ વિજયોત્સવના પ્રસંગે કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, કોંગ્રેસ કોઈપણ ચૂંટણી વખતે તૂટે છે અને પરિણામ પછી કોંગ્રેસને કાર્યકર્તા પણ મળતા નથી. સ્થાનિક સ્વરાજ્યની



આ ચૂંટણીમાં સૌ કોઈએ કરેલ પેજ કમિટીના કાર્યની આ ભવ્ય જીત છે. સમય ઓછો હતો જેના કારણે બાકી રહેલ પેજકમિટીનું કાર્ય ઝડપથી પૂર્ણ કરવા હાકલ કરી હતી.

## રાજ્યની જનતા જનાર્દને ભાજપાના સુશાસનને સ્વીકારી સ્થાનિક સ્વરાજ્યમાં ફરી એકવાર જનસેવા કરવાનો અવસર આપ્યો છે - શ્રી સી. આર. પાટીલ



ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે રાજ્યની જનતા જનાર્દનને ભાજપાના સુશાસનને સ્વીકારી સ્થાનિક સ્વરાજ્યમાં ફરી એકવાર જનસેવા કરવાનો અવસર આપ્યો છે તે બદલ જનતાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. શ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું હતું કે જનતા જનાર્દને ૨૦૨૧ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના પરિવારવાદ, તુષ્ટીકરણ, અણઆવડતને માત્ર નકારી જ નથી પરંતુ ભાજપાના હરીફ તરીકેની પાર્ટીમાંથી બહાર ફેંકી દીધી છે. આવનારી ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીઓમાં પણ ગુજરાતની જનતા જનાર્દન ભારતીય જનતા પાર્ટીના સુશાસનને સ્વીકારી પૂર્ણ બહુમતીવાળી ભાજપાની સરકાર બનાવશે અને ગુજરાતની વિકાસયાત્રા અવિરત ચાલુ રાખશે.




## ગુજરાતની શાણી અને સમજુ પ્રજાએ ભાજપાની નીતિ, નિયત અને નેતૃત્વ પર વિશ્વાસ કર્યો અને ફરીવાર સેવા કરવાનો મોકો આપ્યો - શ્રી વિજયભાઈ રૂપાણી

આ વિજયોત્સવ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ભાજપા વતી ગુજરાતની ગૌરવશાળી જનતાનો આભાર માન્યો હતો. જનતા જનાર્દને ભાજપાને અમુક મહાનગરોમાં ૨૫-૩૦ વર્ષથી તો અમુક મહાનગરોમાં ૪૫-૫૦ વર્ષોથી વિજયશ્રીના ફૂલહાર પહેરાવીને સેવા કરવાનો મોકો આપ્યો છે. પાર્લમેન્ટરી બોર્ડના નિર્ણય અંતર્ગત પાર્ટીના સંનિષ્ઠ, સિનિયર કાર્યકર્તાઓને ટિકિટ ન મળી છતાં પ્રચારમાં જોડાઈ પાર્ટીએ જાહેર કરેલ ઉમેદવારને જીતાડવા તન-મન-ધનથી જોતરાઈ ગયા હતા. કોંગ્રેસ પર કટાક્ષ કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, કોંગ્રેસની સૌથી બૂરી હાલત આજના દિવસે જોવા મળી છે. અમુક મહાનગરોમાં તો કોંગ્રેસનું ખાતું પણ નથી ખૂલ્યું અને અમુક મહાનગરોમાં કોંગ્રેસ બે આંકડામાં પણ નથી પહોંચી. કોંગ્રેસે ભૂતકાળમાં પ્રજા વચ્ચે વેર-ઝેર ફેલાવવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા. અત્યારે દિલ્હીમાં પણ કિસાન આંદોલનને ભટકાવી રહી છે. કોરોના કાળમાં સરકારની કામગીરી પર ખોટા પ્રશ્નો કર્યા પરંતુ શાણી, સમજુ પ્રજાએ ભાજપાની નીતિ, નિર્ણય, નેતૃત્વ પર વિશ્વાસ કર્યો અને ફરીવાર સેવા કરવાનો મોકો આપ્યો. આ વખતના પરિણામમાં તો કોંગ્રેસ વિરોધ પક્ષમાં પણ બેસી શકે તેટલા મતો પણ પ્રજાએ આપ્યા નથી. આમ પ્રજાએ કોંગ્રેસને વિરોધપક્ષ માટે પણ રિજેક્ટ કર્યા છે. આ તો માત્ર એક ટ્રેઈલર હતું. હજુ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીઓમાં વિરોધીઓને તેમનું અસલી સ્થાન બનાવી દેશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પ્રસંગોચિત સંબોધન કરતાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ અને રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભાજપા સતત જંગી બહુમતીથી જીત મેળવી રહ્યું છે. ગુજરાતના મતદારોએ કરેલા મતદાનથી ભાજપાનું મનોબળ મજબૂત થાય છે અને વધુ મજબૂતીથી જનકાર્યોમાં જોડાઈ જઈએ છીએ.

કર્ણાવતી મહાનગરના પ્રભારીશ્રી અને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના ઈન્ચાર્જ શ્રી આઈ. કે. જાડેજાએ સૌ વિજયી ઉમેદવારને આવકાર્યા હતા અને જંગી જીત બદલ કર્ણાવતી મહાનગરની જનતાનો આભાર માન્યો હતો. તેમજ કાર્યકર્તાઓએ કરેલ ચૂંટણી અંતર્ગતની કાર્યવાહીને બિરદાવી હતી. આ વિજયોત્સવમાં ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ કર્ણાવતી મહાનગરના કાર્યકર્તાઓને બિરદાવી આ વિજયોત્સવને વધાવી લીધો હતો.

●





# બજેટ ભારતનો આત્મવિશ્વાસ દર્શાવે છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ને વિકાસની વાસ્તવિકતા, વિશ્વાસની ભાવના અને ભારતના આત્મવિશ્વાસને પ્રદર્શિત કરનારું બતાવ્યું છે. તેમણે ૧લી ફેબ્રુઆરીએ કહ્યું કે વિપરીત સમયમાં આ બજેટ દુનિયામાં એક નવા આત્મવિશ્વાસનો સંચાર કરશે.

લોકસભામાં બજેટ રજૂ કર્યા પછી પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે તેમાં આત્મનિર્ભરતા અને પ્રત્યેક નાગરિક તથા વર્ગને સામેલ કરવાની દૃષ્ટિ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે બજેટના સિદ્ધાંતોમાં આ બાબતો સામેલ છે. વિકાસ માટે નવા અવસરોનો વિસ્તાર, યુવાનો માટે નવા અવસરો, માનવ સંસાધનોને નવો આયામ આપવો, બુનિયાદી ઢાંચાનો વિકાસ તથા નવાં ક્ષેત્રોના વિકાસમાં મદદરૂપ થવું.

તેમણે કહ્યું કે બજેટ પ્રક્રિયા અને નિયમોને સરળ બનાવીને સામાન્યજન માટે 'ઈઝ ઓફ લિવિંગ'ને વધુ બહેતર બનાવશે. બજેટ વ્યક્તિઓ, મૂડીરોકાણકારો, ઉદ્યોગ અને બુનિયાદી ઢાંચાના ક્ષેત્ર માટે સકારાત્મક બદલાવ લાવશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બજેટની પ્રસ્તુતિના કેટલાક કલાકો પછી મળેલી પ્રતિક્રિયાઓનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે બજેટનો આકાર વિસ્તારતી વખતે રાજકોષીય સ્થિરતા પ્રતિ આપણી જવાબદારી પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. તેમણે પ્રસન્નચિત્તે કહ્યું કે વિશેષજ્ઞો દ્વારા બજેટના પારદર્શિતા આયામની પ્રશંસા કરવામાં આવી છે.

કોરોના મહામારી હોય અથવા આત્મનિર્ભરતા અભિયાન હોય, સરકારના સક્રિય દૃષ્ટિકોણ પર ભાર મૂકતાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉલ્લેખ કર્યો કે બજેટમાં પ્રતિક્રિયાત્મક દૃષ્ટિકોણનો અંશમાત્ર નથી. તેમણે કહ્યું કે આપણે સક્રિયતાથી આગળ વધીએ છીએ અને એક અધિક સક્રિય બજેટ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. બજેટ દ્વારા સર્વાંગીણ વિકાસ પર ભાર આપવા બાબતે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે આ બજેટ ધન અને કલ્યાણ એમએસએમઈ અને બુનિયાદી પર પણ કેન્દ્રિત થયેલું છે. તેમણે કહ્યું કે સ્વાસ્થ્ય સેવા પર અભૂતપૂર્વ ધ્યાન આપવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખુશી વ્યક્ત કરી છે કે બજેટમાં દક્ષિણનાં રાજ્યો, પૂર્વોત્તર અને લેહ-લદ્દાખના વિકાસ માટેની જરૂરિયાતો પર ધ્યાન રાખવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ અને આપણાં તટીય રાજ્યોને વ્યવસાયિક રૂપે સક્ષમ બનાવવાની દિશામાં આ એક બહુ મોટું કદમ છે. બજેટ અસમ જેવાં પૂર્વોત્તર રાજ્યોની અપાર ક્ષમતાના ઉપયોગમાં પણ ઘણું સહાયક બનશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજના વિભિન્ન ક્ષેત્રો પર બજેટના પ્રભાવનો ઉલ્લેખ કરતાં કહ્યું કે બજેટના અનુસંધાન અને તેના અમલ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં યુવાનોને મદદ મળશે. સ્વાસ્થ્ય, સ્વચ્છતા, પોષણ, સ્વચ્છ જળ અને અવસરોની સમાનતાથી સામાન્યજનો અને મહિલાઓ લાભાન્વિત થશે. આ જ રીતે બુનિયાદી ઢાંચામાં અધિક ફાળવણી અને પ્રક્રિયાત્મક સુધારાથી રોજગાર-સર્જન અને વિકાસને ઉત્તેજન મળશે.

તેમણે કહ્યું કે બજેટમાં કૃષિ ક્ષેત્ર અને ખેડૂતની આવક વધારવા માટે ઘણી જોગવાઈ છે. ખેડૂતોને સરળતાથી અધિક ઋણ મળશે. એપીએમસી અને કૃષિ યોજનાઓના માળખાને મજબૂત કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે. પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે આ બધાંથી ફલિત થાય છે કે ગામડાંઓ અને આપણા ખેડૂતો આ બજેટના કેન્દ્રમાં છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે રોજગારના અવસર વધારવા માટે એમએસએમઈ ક્ષેત્રની ફાળવણીને બમણી કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે બજેટથી નવા દશક માટે એક મજબૂત પાયો રચાશે. તેમણે દેશવાસીઓને આત્મનિર્ભર ભારતના બજેટ માટે અભિનંદન પાઠવ્યાં.

•





## કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨

# બધા વર્ગોની આશા-આકાંક્ષાઓ પૂરી કરનારું બજેટ - શ્રી જગતપ્રકાશ નડ્ડાજી

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગતપ્રકાશ નડ્ડાજીએ બજેટ-૨૦૨૧-૨૨ માટે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ તથા તેમની પૂરી ટીમને ધન્યવાદ પાઠવ્યા છે. શ્રી નડ્ડાજીએ ૧લી ફેબ્રુઆરીએ કહ્યું હતું કે આ બજેટ ૨૦૨૧-૨૨ ડિજિટલ ઇન્ડિયાનું ડિજિટલ બજેટ છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું છે તેમ બધા જ નિયમો અને પ્રક્રિયાઓને સરળ બનાવીને દેશના નાગરિકો માટે ઈઝ ઓફ લિવિંગને પ્રોત્સાહન આપનારું આ બજેટ છે.

તેમણે કહ્યું કે આ બજેટ અસાધારણ પરિસ્થિતિઓ વચ્ચે રજૂ કરવામાં આવ્યું છે. જયારે દેશ કોરોના સંક્રમણના સંકટમાંથી નીકળી જઈ દરેક ક્ષેત્રમાં વિકાસનો નવો અધ્યાય લખવાની તૈયારી કરી રહ્યો છે. આમાં યથાર્થતાનો અહેસાસ પણ છે અને વિકાસનો વિશ્વાસ પણ છે. બધા જ વર્ગો, ખાસ કરીને યુવાનો, બુઝુર્ગો, મહિલાઓ, સંગઠિત તથા અસંગઠિત ક્ષેત્રના મજદૂરો અને નાના મોટા ઉદ્યમીઓની આશાઓ - આકાંક્ષાઓને પૂરી કરનારું આ બજેટ છે.


શ્રી નડ્ડાજીએ કહ્યું કે આવા સર્વસ્પર્શી, સર્વસમાવેશી તથા દેશના દરેક વ્યક્તિના સર્વાંગીણ કલ્યાણને સમર્પિત આમ બજેટ માટે હું માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ તથા તેમની સમગ્ર ટીમને મારા તરફથી તથા પાર્ટીના કરોડો કાર્યકર્તા તરફથી વધાઈ આપું છું અને તેમને હાર્દિક અભિનંદન પાઠવું છું.

તેમણે કહ્યું કે આમ બજેટ ૨૦૨૧-૨૨માં હેલ્થ અને વેલબીઈંગ, વિત્તીય ધનરાશિ, સર્વસમાવેશી વિકાસ, ઈનોવેશન અને આરએનડી અને મિનિમમ ઈન્ટરવેશન્સ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જે સંપૂર્ણ ભારતના સર્વાંગીણ વિકાસ પર આધારિત છે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે આ બજેટ ૨૦૨૧-૨૨માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર વિશેષ ધ્યાન અપાયું છે. સ્વાસ્થ્ય ક્ષેત્રે સુધારા પર પણ વિશેષ ધ્યાન અપાયું છે. ઈન્સ્યોરન્સ સેક્ટરમાં એફડીઆઈની નીતિમાં બદલાવ કરવામાં આવ્યો છે. એમએસએમઈ સેક્ટરને મજબૂત બનાવવામાં આવ્યું છે. ૭ મેગા ટેક્સટાઈલ પાર્ક બનાવવાની જાહેરાત કરવામાં આવી છે, તેમજ શિક્ષણ અને રિસર્ચ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જે દેશમાં રોજગાર-સર્જન માટે ખૂબ ઉપયોગી થશે.

તેમણે કહ્યું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે દેશના સ્વાસ્થ્ય ક્ષેત્રમાં બજેટને ૧૩૭ ટકા જેટલું વધાર્યું છે. ગયા વખતના બજેટમાં ૯૨ હજાર કરોડ રૂપિયાની સરખામણીમાં આ વખતે બજેટ ૨ લાખ ૨૩ હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. ૬૪,૧૮૦ કરોડ રૂપિયા 'આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના' માટે આપવામાં આવ્યા છે. આ પગલું ભારતની તસવીર બદલવા માટે સક્ષમ છે. જનસાધારણના સ્વાસ્થ્યની કામના પ્રતિ સમર્પિત આ લોકકલ્યાણકારી બજેટ માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને હું હાર્દિક અભિનંદન પાઠવું છું.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે આમ બજેટ ૨૦૨૧-૨૨માં કોરોના વેક્સિન માટે ૩૫,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ એ બતાવે છે કે



મોદી સરકાર કોવિડ-૧૯ને ભારતમાંથી જડમૂળથી નાબૂદ કરવા માટે કેટલા ગંભીર અને સંવેદનશીલ છે.

તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભારતીય જનતા પાર્ટી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે તથા તેમની આવક બમણી કરવા માટે કટિબદ્ધ છે. પાકઊપજ પર એમએસપી વધારીને તેને ઉત્પાદન લાગત-ખર્ચથી દોઢગણું કરવામાં આવ્યું છે. આ સાથે જ, શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે કોંગ્રેસની યુપીએ સરકાર કરતાં લગભગ ત્રણગણી અધિક રકમ દેશના ખેડૂતોનાં ખાતાંમાં અત્યાર સુધીમાં પહોંચાડી દીધી છે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે આઝાદીની ૭૫મી વર્ષગાંઠ પર ૭૫ અને તેથી વધુની ઉંમરના આપણા સિનિયર સિટિઝનને આઈટી રિટર્નથી રાહત આપવી અને પેન્શનની આવક પર ઈન્કમટેક્સમાંથી મુક્તિ આપવી તે સ્વાગત યોગ્ય પગલું છે.

તેમણે કહ્યું કે બધાના માટે ઘર અમારા માટે મુખ્ય પ્રાથમિકતા છે. હોમ લોન પર વ્યાજમાં ૧.૫ લાખ રૂપિયાની કપાતની જોગવાઈને ૩૧મી માર્ચ ૨૦૨૨ સુધી વધારવાથી લોકોને પોતાનું ઘરનું ઘર સ્વપ્ન સિદ્ધ થવામાં સહાયરૂપ થશે.

શ્રી નડ્ડાજીએ કહ્યું હતું કે ૧૯૩૮થી ચાલ્યા આવતા ઈન્સ્યોરન્સ એક્ટમાં બદલાવ લાવવો તે એક સકારાત્મક કદમ છે. આ બાબતની ચર્ચા ઘણા વખતથી ચાલી આવતી હતી, પરંતુ આ બાબતમાં પરિવર્તન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કર્યું. સાથે સાથે સરકારી બેંકોમાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ બેંકિંગ સેક્ટરને મજબૂતી પ્રદાન કરશે.

તેમણે કહ્યું કે અત્યાર સુધી કેન્દ્રીય ટેક્સમાંથી રાજ્યોને કેવળ ૩૦થી ૩૫ ટકા હિસ્સો જ મળતો હતો, પરંતુ ૧૫મા વિત્ત આયોગની ભલામણને માન્ય રાખ્યા પછી હવે રાજ્યોને કેન્દ્રીય ટેક્સનો ૪૧ ટકા હિસ્સો મળી શકશે. આનાથી રાજ્યોને વિકાસકાર્યો કરવામાં ઝડપ આણવા માટે અનુકૂળતા વધી જશે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે ગત બજેટમાં કેપિટલ એક્સપેંડિચર માટે ૪.૨૧ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા, જ્યારે આ વર્ષે ૫.૫૪ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી છે, જે ગત બજેટ કરતાં ૩૪ ટકા વધુ છે.

તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર જન-જન સુધી પીવાનું સ્વચ્છ પાણી પહોંચાડવા માટે કટિબદ્ધ છે. સ્વચ્છ જળ માટે દેશભરમાં આગામી પાંચ વર્ષ માટે ૨.૮૭ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોના માટે પણ જળજીવન મિશન શરૂ કરવું તે ઉમદા કદમ છે.

તેમણે કહ્યું હતું કે શિક્ષણક્ષેત્ર માટે મોદીજીએ ઘણાં પગલાં ભર્યાં છે. ૧૦૦થી વધુ સૈનિક સ્કૂલો અને હાયર એજ્યુકેશન કાઉન્સિલનું ગઠન તથા ૧૫,૦૦૦ સ્કૂલોને આદર્શ સ્કૂલ બનાવવાનો પ્રસ્તાવ સ્કૂલના શિક્ષણને ઉમદા બનાવશે. રિસર્ચ માટે પણ ૫૦,૦૦૦ કરોડ રૂપિયા અલગથી રાખવામાં આવ્યા છે. આદિવાસી ક્ષેત્રોમાં ૩૮,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચથી ૭૫૦ એકલવ્ય સ્કૂલ ચાલુ કરવાનો પ્રયાસ પણ ઉત્તમ છે. શિક્ષણની દૃષ્ટિએ આ સરાહનીય કદમ છે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે ઉજ્જવલા યોજનાનો ફાયદો ૧ કરોડથી વધુ મહિલાઓ સુધી પહોંચવાની ઘોષણા અને વર્કિંગ વુમન માટે બધી જ પાળીઓમાં કામ કરવાની મંજૂરી મહિલા સશક્તિકરણની દિશામાં એક મજબૂત કદમ સાબિત થશે. જમ્મુ-કાશ્મીરમાં પણ ગેસ પાઈપલાઈન યોજનાની શરૂઆત કરવામાં આવી છે. મહિલા ટી-વર્કર્સ તથા તેમનાં બાળકો માટે ૧,૦૦૦ કરોડ રૂપિયા આપવા માટે કરવામાં આવેલી જોગવાઈ મહિલા ટી-વર્કર્સને સશક્ત બનાવશે.

તેમણે કહ્યું હતું કે અસંગઠિત મજદૂરો માટે અમારી કેન્દ્ર સરકારે ઘણી યોજનાઓ શરૂ કરી છે. પ્રવાસી મજદૂરો માટે દેશભરમાં 'એક દેશ-એક રાશન યોજના'થી તેમને બે ટંકના ભોજનની ચિંતામાંથી મુક્તિ મળશે. આનાથી તેમના જીવનમાં ખૂબ મોટું પરિવર્તન આવશે.

શ્રી નડ્ડાજીએ કહ્યું કે એમએસએમઈ માટે ૧૫,૭૦૦ કરોડ રૂપિયાનું બજેટ કોરોના સંક્રમણ વખતે નાના, લઘુ, સૂક્ષ્મ તથા મધ્યમ ઉદ્યોગોને મજબૂતી બક્ષશે. નાની કંપનીઓની પરિભાષા બદલીને તેના માટે પૂંજીગત આધારને ૫૦ લાખ રૂપિયાથી વધારીને ૨ કરોડ રૂપિયા કરવાનું પ્રાવધાન એમએસએમઈ માટે મોટી રાહતરૂપ પુરવાર થશે.

તેમણે કહ્યું હતું કે હું ફરીથી આ ઐતિહાસિક બજેટ માટે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, નાણામંત્રી શ્રી નિર્મલા સીતારમણજી તથા તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું. આ આમ બજેટ કોવિડ-૧૯ સંક્રમણકાળમાંથી બહાર નીકળી રહેલા દેશના આર્થિક ગતિ-વ્યવહારને નવી તાકાત પ્રદાન કરશે અને દેશના સર્વાંગીણ વિકાસમાં મદદરૂપ થશે.



## કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨



# બજેટમાં ખેડૂતોની આવકમાં વૃદ્ધિ, યુવાનો માટે અવસર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ પર વિશેષ ધ્યાન


કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ કાર્યમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે ૧લી ફેબ્રુઆરીના રોજ સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ રજૂ કર્યું, જે આ નવા દસકાનું પ્રથમ બજેટ છે, તેમ જ આકસ્મિક કોવિડ-૧૯ મહામારીના માહોલમાં એક ડિજિટલ બજેટ પણ છે. શ્રીમતી સીતારમણે કહ્યું કે બજેટમાંના પ્રસ્તાવોથી રાષ્ટ્ર પ્રથમ, ખેડૂતોની આવક બમણી કરવી, મજબૂત પાયાગત યોજનાઓ, સ્વસ્થ ભારત, સુશાસન, યુવાનો માટે અવસરો, દરેક માટે શિક્ષણ, મહિલા સશક્તિકરણ, સર્વસમાવેશી વિકાસ ઇત્યાદિનો સંકલ્પ વધુ દઢ થશે.

કેન્દ્રીય વિત્ત તથા કોર્પોરેટ કાર્યમંત્રી શ્રીમતી સીતારમણે ૧લી ફેબ્રુઆરીના રોજ સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ રજૂ કર્યું. બજેટમાં 'આત્મનિર્ભર ભારત'ના વિઝન સહિત ૧૩૦ કરોડ ભારતીયોની એક સ્પષ્ટ અભિવ્યક્તિ પણ છે, જેમને પોતાની ક્ષમતા અને કૌશલ્ય પર પૂરો ભરોસો છે.

બજેટમાં ખેડૂતોની આવકમાં વૃદ્ધિ, મજબૂત પાયાગત યોજનાઓ, સ્વસ્થ ભારત, સુશાસન, યુવાનો માટે અવસર, બધા માટે શિક્ષણ, મહિલા સશક્તિકરણ, સર્વસમાવેશી વિકાસ ઇત્યાદિનો સંકલ્પ વધુ દઢ થશે. બજેટ રજૂ કરતાં વિત્તમંત્રીએ સંકટ સામે ઝઝૂમતી અર્થવ્યવસ્થાને ઉગારવા માટે વિનિર્માણ યોજનાઓને પ્રોત્સાહન આપવા તથા કૃષિ ઉત્પાદનોના બજારને મજબૂતી બક્ષવાના ઉપાયોની ઘોષણા કરી હતી.

કોરોના મહામારીના માહોલ દરમ્યાન સરકારે આગામી વિત્ત વર્ષમાં સ્વાસ્થ્ય-સેવાઓ માટેનો ખર્ચ બમણાથી અધિક કરી દીધો છે. વિત્તમંત્રીએ કોરોના વાઇરસ મહામારીને અંકુશમાં રાખવા માટે રસીકરણ અભિયાન માટેની આર્થિક ફાળવણી તથા દેશમાં સ્વાસ્થ્ય પ્રણાલીને વધુ તંદુરસ્ત બનાવવા માટે ૨.૨૩ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. સરકાર ચાલુ વિત્તવર્ષમાં સ્વાસ્થ્ય-સુરક્ષાના ક્ષેત્રે ૯૪,૪૫૨ કરોડ રૂપિયા ખર્ચ કરવાની છે. શ્રીમતી સીતારમણે કહ્યું કે આ બજેટમાં સ્વાસ્થ્ય ક્ષેત્ર માટેના ખર્ચની ઘણી બધી જોગવાઈ કરાઈ છે.

કેન્દ્ર સરકારે ૭૫ વર્ષથી અધિક ઉંમરના નાગરિકોને



આવક રિટર્ન પેશ કરવામાં પણ રાહત આપી છે. ૭૫ વર્ષથી વધુ ઉંમરના લોકો, જેમની આવકનો સ્રોત ફક્ત પેન્શન અને વ્યાજ છે, તેમને આવક રિટર્ન ભરવાની જરૂર નથી.

સસ્તાં મકાનોની ખરીદીને પ્રોત્સાહન આપવા અર્થે વિત્તમંત્રીએ આવાસ ઋણના ભોગવટા પર ૧.૫ લાખ રૂપિયાથી વધુ કાપ મૂકવાનો દાવો કરવાની સમયમર્યાદાને એક વર્ષ વધારીને ૩૧ માર્ચ, ૨૦૨૨ કરી દીધી છે. આ સાથે જ સ્ટાર્ટઅપ માટે ટેક્ષનો અવકાશ અથવા છૂટને એક વર્ષ વધારીને ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી કરવામાં આવી છે.

બજેટમાં ટેક્સના પુનઃ આકલન માટે સમયમર્યાદાને ઘટાડીને ત્રણ વર્ષની કરી નાખવામાં આવી છે. અત્યાર સુધીમાં છ વર્ષ જૂના મામલાઓને હાથ પર લેવામાં આવી શકતા હતા, પણ જો કોઈ વર્ષે ૫૦ લાખ રૂપિયા અથવા તેનાથી વધુ ઘોષિત નહીં કરેલી આવકની સાબિતી મળશે, તો તેવા મામલામાં ૧૦ વર્ષ સુધીનું આકલન પણ ફરી વખત કરવામાં આવશે.

વીમા ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ)ની મર્યાદાને ૪૯થી વધારીને ૭૪ ટકા કરવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે. વિત્તમંત્રીએ બિન-ઉત્પાદકીય સંપત્તિઓ (એનપીએ)ના બોજથી દબાયેલા તથા દેશની આર્થિક વૃદ્ધિને અવરોધતી સરકારી બેંકોના પુનઃ પૂંજીકરણ માટે ૨૦ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

બજેટમાં જીવન વીમા નિગમ (એલઆઈસી)ના આરંભિક સાર્વજનિક નિગમ (આઈપીઓ) સહિત સાર્વજનિક ઉપક્રમોના શેરોનું વેચાણ અને નિજીકરણ માટે આગામી વિત્ત વર્ષમાં ૧.૭૫ લાખ કરોડ રૂપિયા ફાળવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

બજેટમાં સુતરાઉ, રેશમ, મક્કા છિલકા, મૂલ્યવાન રત્નો તથા આભૂષણો, વાહનોના વિશિષ્ટ આંતરિક પાર્ટ્સ, સ્ક્રૂ તથા નટ આદિ પર સીમા શુલ્ક વધારવામાં આવ્યું છે. ઈલેક્ટ્રિક ક્ષેત્રોમાં મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા માટે પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ એસેમ્બ્લી, વાયર તથા કેબલ, સોલર ઈન્વર્ટર અને સોલર લેમ્પ પર પણ સીમા શુલ્કમાં વધારો કરવામાં આવ્યો છે.

આ સિવાય કેટલાક આયાત થતાં ઉત્પાદનો પર એક નવો કૃષિ કર પણ લગાવવામાં આવ્યો છે. બજેટમાં કપાસથી લઈને ઈલેક્ટ્રોનિક્સ સુધીનાં વિભિન્ન ઉત્પાદનો પર આયાત શુલ્ક વધારવાની ઘોષણા કરવામાં આવી છે.

સરકારે કરદાતાઓને રાહત આપતાં કહ્યું છે કે લાભાંશ આવક પર અગ્રિમ કરની ચુકવણી લાભાંશની ઘોષણા/ભુગતાન (તેમાંથી થયેલ ખર્ચ) બાદ જ બનશે.

વિત્તમંત્રીએ લોકસભામાં બજેટ સંબોધનમાં કહ્યું કે આગામી વિત્તવર્ષમાં રોજકોષીય ખાધ સકળ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)ના ૬.૮ ટકા બરાબર રહી શકે છે. ચાલુ વિત્ત વર્ષમાં રાજકોષીય ખાધ ૩.૫ પ્રતિશતના લક્ષ્યની તુલનામાં ૯.૫ ટકા સુધી પહોંચી જવાનું અનુમાન છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ની મુખ્ય બાબતો નીચે મુજબ છે :

## સ્વાસ્થ્ય અને ખુશહાલી

- બજેટમાં વિત્ત વર્ષ ૨૦૨૧-૨૨માં સ્વાસ્થ્ય અને ખુશહાલી માટે ૨,૨૩,૮૪૬ કરોડ રૂપિયાના ખર્ચ માટેની જોગવાઈ રખાઈ છે, જ્યારે ૨૦૨૦-૨૧માં આ જોગવાઈ ૯૪,૪૫૨ કરોડ રૂપિયા હતી. ૧૩૭ ટકાની આ મહત્તમ વૃદ્ધિ છે.
- સ્વાસ્થ્ય પ્રતિ સમગ્ર દૃષ્ટિકોણ અપનાવતાં ત્રણ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. નિવારક, ઉપચારાત્મક, સુધારાત્મક.
- સ્વાસ્થ્ય અને કલ્યાણમાં સુધારણા માટે એક કદમ.

### રસીકરણ

- વર્ષ ૨૦૨૧-૨૨માં કોવિડ-૧૯થી રક્ષણ માટેના રસીકરણ માટે ૩૫,૦૦૦ કરોડ રૂપિયા.
- મેડ ઈન ઇન્ડિયા ન્યૂમોકોકલ વેક્સિન વર્તમાનમાં ૫ રાજ્યોની સાથે દેશભરમાં આવી જશે, જેનાથી હરેક વર્ષે ૫૦,૦૦૦ બાળકોનાં મૃત્યુને રાકી શકાશે.

### આપૂર્તિનું સર્વવ્યાપી કવરેજ

જલ જીવન મિશન (શહેરી) માટે પાંચ વર્ષમાં ૨,૮૭,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી આને નીચે જણાવેલ ઉદ્દેશ્યો માટે શરૂ કરવામાં આવશે.

- ૨.૮૬ કરોડ પરિવારોને નળ કનેક્શન.
- બધા ૪,૩૭૮ શહેરી સ્થાનિક વિસ્તારોમાં સર્વસુલભ જળ આપૂર્તિ.
- ૫૦૦ અમૃત શહેરોમાં તરલ કચરાનું પ્રબંધન.



### સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત

- શહેરી સ્વચ્છ ભારત મિશન ૨.૦ માટે પાંચ વર્ષની અવધિમાં ૧,૪૧,૬૭૮ કરોડ રૂપિયાનું કુલ ફાળવણી
- વાયુ પ્રદૂષણની સમસ્યાને સુલઝાવવા માટે ૧૦ લાખથી અધિક જનસંખ્યાવાળા ૪૨ શહેરી કેન્દ્રો માટે ૨,૨૧૭ કરોડ રૂપિયાની રકમની ફાળવણી કરાઈ.

### સ્ક્રેપિંગ નીતિ

- જૂનાં અને બિનઉપયોગી વાહનોને હટાવવા માટે એક સ્વૈચ્છિક સ્ક્રેપિંગ નીતિ.
- ઓટોમેટિક ફિટનેસ સેન્ટરમાં ફિટનેસની તપાસ.
- ખાનગી વાહનો માટે ૨૦ વર્ષ બાદ.
- વાણિજ્યિક વાહનો માટે ૧૫ વર્ષ બાદ.

## વાસ્તવિક અને વિત્તીય મૂડી તથા અન્ય યોજનાઓ


### ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના (પીએલઆઈ)

- ૧૩ ક્ષેત્રોમાં પીએલઆઈ યોજના માટે આગામી પાંચ વર્ષોમાં ૧.૯૭ લાખ કરોડ રૂપિયાની વ્યવસ્થા.
- આત્મનિર્ભર ભારત માટે વિનિર્માણ વૈશ્વિક ચેમ્પિયન બનાવવું.
- વિનિર્માણ કંપનીઓ માટે વૈશ્વિક આપૂર્તિ શૃંખલાઓનું એક અભિન્ન અંગ બનવા માટે સક્ષમતા અને અતિઆધુનિક પ્રૌદ્યોગિકી રાખવાની આવશ્યકતા.
- મુખ્ય ક્ષેત્રોમાં વ્યાપકતા અને આકાર લાવવો.
- યુવાઓને નોકરીઓ પૂરી પાડવી.

### કપડાં

- પીએલઆઈ યોજના સિવાય મેગા નિવેશ ટેક્સ્ટાઈલ પાર્ક (મિત્ર) યોજના
- ત્રણ વર્ષની અવધિમાં ૭ ટેક્સ્ટાઈલ પાર્ક સ્થાપિત કરવામાં આવશે.
- કાપડ ઉદ્યોગને વૈશ્વિક રૂપે પ્રતિસ્પર્ધી બનાવવા, મોટા રોકાણકારોને આકર્ષિત કરવા તથા રોજગાર વધારવા માટે પીએલઆઈ યોજના

### આ બજેટ 'આત્મનિર્ભર ભારત' માટે છે - શ્રી રાજનાથ સિંહ




સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહે આમ બજેટ ૨૦૨૧-૨૨ની પ્રશંસા કરતાં કહ્યું હતું કે 'આત્મનિર્ભર ભારત' માટે આ બજેટ છે. આનાથી અર્થતંત્રમાં મજબૂતાઈ આવશે. તેમણે કહ્યું કે લોકોને આશા નહોતી કે આ પ્રકારનું બજેટ રજૂ થશે, કેમ કે આની પહેલાં પણ આ પ્રકારનાં પાંચ મિની બજેટ રજૂ કરાયાં હતાં. આની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. સુરક્ષા ક્ષેત્રના બજેટમાં વધારો થયો છે. સંરક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે સંરક્ષણ માટેના ખર્ચમાં લગભગ ૧૯ ટકાની વૃદ્ધિ થઈ છે. તેમણે કહ્યું કે છેલ્લાં પંદર વર્ષોમાં સંરક્ષણ માટેના આર્થિક ખર્ચમાં આ વખતે સૌથી વધુ ખર્ચ માટે રકમ ફાળવાઈ છે.

### રાષ્ટ્રીય માળખાકીય સુવિધા

- રાષ્ટ્રીય માળખાકીય સુવિધા પાઈપલાઈન (એનઆઈપી)નો વિસ્તાર કરીને તેમાં ૪,૭૦૦ પરિયોજનાઓનો સામેલ કરી દેવાઈ.
- ૧.૧૦ લાખ કરોડ રૂપિયાની લગભગ ૨૧૭ પરિયોજનાઓ પૂર્ણ થઈ ચૂકી છે.

### સંસ્થાગત બુનિયાદી ઢાંચાનું ગઠન : યોજનાઓ માટે મૂડી ફાળવાઈ

- વિકાસ નાણાકીય સંસ્થા (ડીએફઆઈ)ના પૂંજીકરણ માટે ૨૦,૦૦૦ ધનરાશિ ફાળવાઈ છે, જેથી આ મૂળભૂત ઢાંચો ધિરાણ માટે પ્રદાતા અને ઉત્પ્રેરક તરીકે કામ કરી શકે.
- ત્રણ વર્ષોમાં પ્રસ્તાવિત ડીએફઆઈ અંતર્ગત ઓછામાં ઓછા પાંચ લાખ કરોડ રૂપિયાનો ઉધારમાં પોર્ટફોલિયો બની શકે.
- વિદેશી પોર્ટફોલિયો નિવેશકો દ્વારા આઈએનવીઆઈટી અને આરઈઆઈટીના ઋણ ધિરાણ સહિતનાં કાયદામાં ઉપયુક્ત સુધારા કરીને પૂરું કરવામાં આવશે.



## સંપત્તિઓ પર ભાર

- રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈનની શરૂઆત કરવામાં આવશે.
- મહત્ત્વપૂર્ણ સંપત્તિ મુદ્રીકરણ માટે ઉપાય
  1. ૫ હજાર કરોડ રૂપિયાના અંદાજિત ઉદ્યમ મૂલ્યની સાથે પાંચ પરિચાલિત ટોલ સડકો એનએચએઆઈઆઈ એનવીઆઈટીને હસ્તાંતરિત કરવામાં આવશે.
  2. ૭,૦૦૦ કરોડની ટ્રાંસમિસન સંપત્તિ પીજીસીઆઈએલઆઈએનવીઆઈટીને હસ્તાંતરિત કરવામાં આવશે.
  3. રેલવે સંબંધિત ભાડા કોરીડોરની સંપત્તિઓને ચાલુ થયા પછી ચલાવવા અને દેખભાળ માટે આર્થિક મદદ કરાશે.
  4. એરપોર્ટ ચલાવવા અને સંચાલન વ્યવસ્થા માટે આર્થિક મદદ કરાશે.
  5. અન્ય મુખ્ય માળખાકીય સંપત્તિ માટે સંપત્તિ મુદ્રીકરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.
- ગેલ, આઈઓસીએલ અને એચપીસીએલની તેલ અને ગેસ પાઈપલાઈનો
- ટિયર II અને III શહેરોમાં એએઆઈ એરપોર્ટ
- અન્ય રેલવે માળખાકીય સંપત્તિ
- કેન્દ્રીય વેરહાઉસીંગ નિગમ અને નેફેડ જેવી સીપીએસઈની વેરહાઉસિંગ પરિસ્થિતિઓ
- ખેલ સ્ટેડિયમ

## મૂડી બજેટમાં તીવ્ર વૃદ્ધિ

વર્ષ ૨૦૨૧-૨૨ માટે મૂડી ખર્ચમાં તેજ વૃદ્ધિ કરીને ૫.૫૪ લાખ કરોડ રૂપિયા પ્રદાન કરવામાં આવ્યા છે, જે અત્યાર સુધીમાં ૨૦૨૦-૨૧માં ૪.૧૨ લાખ કરોડ રૂપિયાથી ૩૪.૫ ટકા વધુ છે.

- રાજ્યો અને સ્વાયત્તશાસિત સંગઠનોને તેમના પૂંજીગત વ્યય માટે ૨ લાખ કરોડ રૂપિયાથી વધુની મદદ કરવામાં આવી.
- પૂંજીગત વ્યયની સારી પ્રગતિ જોઈને પરિયોજનાઓ, કાર્યક્રમો, વિભાગો માટે પ્રદાન કરવામાં આવનાર આર્થિક કાર્ય વિભાગના બજેટમાં ૪૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ પૂંજી રાખવામાં આવી છે.

## સડક તથા રાજમાર્ગ યોજના

- સડક તથા રાજમાર્ગ મંત્રાલયને ૧,૮૧,૧૦૧ લાખ કરોડ રૂપિયાની અત્યાર સુધીમાં ફાળવણી - જેમાંથી ૧,૦૮,૨૩૦ કરોડ રૂપિયા પૂંજી ભેગી કરવા માટે.
- ૫.૩૫ લાખ કરોડ રૂપિયાની ભારતમાલા પરિયોજના અંતર્ગત ૩.૩ લાખ કરોડ રૂપિયાની કિંમતની ૧૩,૦૦૦ કિ.મી. લાંબી સડકોનું નિર્માણ શરૂ.
- ૩,૮૦૦ કિલોમીટર લાંબી સડકોનું નિર્માણ થઈ ચૂક્યું છે.
- માર્ચ, ૨૦૨૨ સુધી ૮,૫૦૦ કિલોમીટર લાંબી નવી સડકો બનાવવામાં આવશે.
- ૧૧,૦૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય રાજમાર્ગ કોરિડોર પણ માર્ચ, ૨૦૨ સુધીમાં પૂરા કરી દેવામાં આવશે.

## આર્થિક કોરિડોર બનાવવાની યોજના

- તમિલનાડુમાં ૧.૦૩ લાખ કરોડ રૂપિયાના રોકાણથી ૩,૫૦૦ કિલોમીટર લાંબા રાષ્ટ્રીય રાજમાર્ગ બનાવવાનું કામ કરવામાં આવશે.
- કેરળમાં ૬૫,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણથી ૧,૧૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય રાજમાર્ગનું નિર્માણ.
- પશ્ચિમ બંગાળમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાની કિંમતના ૬૭૫ કિલોમીટરના રાજમાર્ગનું નિર્માણકાર્ય.
- અસમમાં ૧૯,૦૦૦ કરોડ રૂપિયાની કિંમતના રાષ્ટ્રીય રાજમાર્ગનું કાર્ય અત્યારે ચાલુ છે. રાજ્યમાં આગામી ત્રણ વર્ષમાં ૩૪,૦૦૦ કરોડ રૂપિયાની કિંમતના ૧,૩૦૦ કિલોમીટર લાંબા રાષ્ટ્રીય રાજમાર્ગનું નિર્માણકાર્ય કરવામાં આવશે.

## રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર

- રેલવે માટે ૧,૧૦,૦૫૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જેમાંથી ૧,૦૭,૧૦૦ કરોડ રૂપિયા મૂડી ખર્ચ માટે -
- ભારત માટે રાષ્ટ્રીય રેલ યોજના (૨૦૩૦) : ૨૦૩૦ સુધીમાં ભવિષ્ય માટે તૈયાર રેલ-વ્યવસ્થા બનાવવા માટે.
- ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં બ્રોડ-ગેજ માર્ગો પર શત-પ્રતિશત વિદ્યુતીકરણ પૂરું પાડવું.
- બ્રોડ-ગેજ માર્ગ કિલોમીટર (આરકેએમ) વિદ્યુતીકરણ



૨૦૨૧ના અંત સુધીમાં ૭૨ પ્રતિશત એટલે કે ૪૬,૦૦૦ આરકેએમ સુધી પહોંચાડવું.

- પશ્ચિમી સમર્પિત ભાડા કોરિડોર (ડીએફસી) અને પૂર્વી ડીએફસીને જૂન ૨૦૨૨ સુધી ચાલુ કરવી. આનાથી પરિવહન ખર્ચ ઓછો થશે અને મેક ઈન ઇન્ડિયા રણનીતિને સમર્થન મળશે.

### શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર

- સરકાર મેટ્રો રેલ નેટવર્કનો વિસ્તાર કરીને અને સિટી બસ-સેવા ચાલુ કરીને શહેરી ક્ષેત્રોમાં સાર્વજનિક પરિવહનમાં વધારો કરવાની દિશામાં કામ કરશે.
- સાર્વજનિક બસ પરિવહન સેવાઓનો વિસ્તાર કરવા માટે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચથી એક નવી યોજના શરૂ કરવામાં આવશે.
- આ અંતર્ગત નવું પીપીપી મોડલ લાગુ કરવામાં આવશે. જે અંતર્ગત સ્થાનિક ક્ષેત્રના પરિચાલકોને ૨૦,૦૦૦થી વધુ બસની ખરીદી, સંચાલન, દેખરેખ અને નાણાંની જોગવાઈ કરવાનો અવસર પ્રાપ્ત થશે.
- આ યોજનાથી ઓટોમોબાઈલ ક્ષેત્રમાં વૃદ્ધિ થતાં આર્થિક પ્રવૃત્તિની ગતિ તેજ થશે, યુવાનો માટે રોજગારના અવસરોનું સર્જન થશે અને શહેરી ક્ષેત્રોમાં રહેનારા લોકો માટે અવરજવર ઘણી સરળ થઈ જશે.
- દેશમાં અત્યારે લગભગ ૭૦૨ કિલોમીટર પારંપરિક મેટ્રો ટ્રેન ચાલી રહી છે અને ૨૭ શહેરોમાં, ૧૦૧૬ કિલોમીટર લાંબી મેટ્રો તથા આરઆરટીએસ લાઈનોનું નિર્માણ થઈ રહ્યું છે.
- સરકાર 'મેટ્રો લાઇટ' અને 'મેટ્રો નિયો' - બે નવી ટેક્નોલોજી શરૂ કરીને સામાન્ય લોકોને ખૂબ ઓછી કિંમતે અને પહેલાં જેવો અનુભવ કરાવનારી મેટ્રો રેલ-વ્યવસ્થા આપવા માગે છે. આ પ્રણાલી ટિયર-૨ અને ટિયર-૧ શહેરોની આસપાસ વસેલા વિસ્તારોમાં આસાન અને સુરક્ષિત અવરજવરની વ્યવસ્થા સુનિશ્ચિત કરશે.

### વીજ ઇન્ફ્રાસ્ટ્રક્ચર

- છેલ્લાં છ વર્ષમાં સ્થાપિત ક્ષમતામાં ૧૩૯ ગીગા વોટનો વધારો કરવામાં આવ્યો છે અને ૧.૪૧ લાખ કિલોમીટર ટ્રાન્સમિશન લાઈનો જોડવામાં આવી છે. ૨.૮ કરોડ આવાસોમાં વીજ કનેક્શન આપવામાં આવ્યાં છે.
- એવું ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવશે જેમાં વિદ્યુત વિતરણ કંપનીઓ વચ્ચે પ્રતિસ્પર્ધા વધે અને ઉપભોક્તાઓને વિકલ્પ પસંદ કરવાનો અવસર મળે.
- આગામી ૫ વર્ષોમાં ૩,૦૫,૯૮૪ કરોડ રૂપિયાના ખર્ચતી એક પરિષ્કૃત અને સુધાર-આધારિત તથા પરિણામ સંબદ્ધ વિદ્યુત વિતરણ યોજના શરૂ કરવામાં આવશે.


### બંદર, વહાણ પરિવહન, જળમાર્ગ

- વિત્ત વર્ષ ૨૦૨૧-૨૨માં મોટા મોટા બંદરો પર સરકારી અને ખાનગી ભાગીદારી (પીપીપી) મૉડલ અંતર્ગત મુખ્ય બંદરો દ્વારા ૭ પરિયોજનાઓ પ્રસ્તાવિત કરવામાં આવશે, જેનો ખર્ચ ૨,૦૦૦ કરોડ રૂપિયાથી અધિક થશે.
- આગામી ૫ વર્ષોમાં ભારતીય શિપિંગ કંપનીઓને મંત્રાલયો અને સીપીએસઈના વૈશ્વિક ટેન્ડરોમાં

## 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પના માર્ગને વિસ્તૃત કરનારું બજેટ - શ્રી અમિતભાઈ શાહ



કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે બજેટ ૨૦૨૧-૨૨ને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપનારું બજેટ ગણાવી કહ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વિત્તમંત્રી શ્રી નિર્મલા સીતારમણજીએ એક સર્વસ્પર્શી બજેટ રજૂ કર્યું છે, જે પ્રધાનમંત્રીજીના 'આત્મનિર્ભર ભારત', ૫ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા, ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પનો માર્ગ પ્રશસ્ત કરશે. તેમણે કહ્યું કે દેશના આર્થિક વિકાસને ગતિ આપવા માટે કેપિટલ એક્સપેંડિચરમાં ૩૪.૫ ટકાની વૃદ્ધિ કરવામાં આવી છે, જેના પરિણામ સ્વરૂપ તે ગત વર્ષના ૪.૫ લાખ કરોડ રૂપિયાથી વધીને ૫.૫૪ લાખ કરોડ રૂપિયા થયા છે.



૧૬૨૪ કરોડ રૂપિયાની સબસિડી પ્રદાન કરવામાં આવશે.

### પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ

- ઉજ્જવલા યોજનાનો વિસ્તાર કરીને તેમાં ૧ કરોડ લાભાર્થીઓને સામેલ કરવામાં આવશે.
- આગામી ૩ વર્ષમાં ૧૦૦ અન્ય જિલ્લાઓમાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્કથી જોડવામાં આવશે.
- જમ્મુ-કાશ્મીરમાં એક નવી ગેસ પાઈપલાઈન શરૂ કરવામાં આવશે.
- એક સ્વતંત્ર ગેસ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ ઓપરેટરનું ગઠન કરવામાં આવશે. જેથી કોઈ પ્રકારના ભેદભાવ વગર પોતપોતાની પહોંચના આધાર પર બધી જ પ્રાકૃતિક ગેસ પાઈપલાઈનોની કોમન કેરિયર કેપેસિટીના બુકિંગમાં સુવિધા પ્રદાન કરી શકાશે.

### વીમા ક્ષેત્રમાં એફડીઆઈ વધારવું

- વીમા કંપનીઓમાં સ્વીકાર્ય એફડીઆઈ સીમાને ૪૯ ટકાથી વધારીને ૭૪ ટકા કરવી અને વિદેશી પ્રભુત્વ અને નિયંત્રણથી સુરક્ષા વધારવી.

### તનાવગ્રસ્ત સંપત્તિનું સમાધાન

- એક એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ અને એસેટ મેનેજમેન્ટ કંપની બનાવવામાં આવશે.

### પીએસબીનું પુનઃ પૂંજીકરણ

- પીએસબીની નાણાકીય ક્ષમતાને હજી વધુ મજબૂત કરવા માટે ૨૦૨૧-૨૨માં ૨૦,૦૦૦ કરોડ રૂપિયા ફાળવીને પુનઃ પૂંજીકરણ કરવામાં આવશે.

### કંપની બાબતે

- લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ (એલએલપી) કાયદો ૨૦૦ને અપરાધમુક્ત બનાવવામાં આવશે.
- કંપની અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત નાની કંપનીઓની પરિભાષામાં સુધારો કરવામાં આવશે, જે અંતર્ગત ભરપાઈ થયેલ મૂડી માટે તેની ન્યૂનતમ સીમા ૫૦ લાખ રૂપિયાથી વધુ નહીં હોવાના સ્થાન પર ૨ કરોડ રૂપિયાથી વધુ ન હોવી તથા ટર્નઓવરની ન્યૂનતમ સીમા ૨ કરોડ રૂપિયાથી વધુ ન હોવાના બદલે ૨૦ કરોડ રૂપિયાથી વધુ ન હોવી જોઈએ તેવું નક્કી કરવામાં આવશે.
- સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે કામ કરનારાઓને ઓપીસીની મંજૂરી આપતાં એક જ વ્યક્તિની કંપનીના નિવેશને પ્રોત્સાહન આપવામાં આવશે.

### ડિસઇન્વેસ્ટમેન્ટ અને વ્યૂહાત્મક વેચાણ

- બજેટલ અનુમાન ૨૦૨૦-૨૧માં ડિસઈન્વેસ્ટમેન્ટથી ૧,૭૫,૦૦૦ કરોડ રૂપિયાની અનુમાનિત પ્રાપ્તિ.
- બીપીસીએલ, એર ઈન્ડિયા, શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, આઈડીબીઆઈ બેંક, બીઈએમલ, પવન હંસ, નીલાંચન ઈસ્પાત નિગમ લિમિટેડ વગેરેની વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ ૨૦૨૦-૨૧માં પૂરો થઈ જશે.
- આઈડીબીઆઈ બેંક સિવાય બે સાર્વજનિક ક્ષેત્રની બેંક અને એક જનરલ વીમા કંપનીનું ખાનગીકરણ કરવામાં આવશે.
- ૨૦૨૧-૨૨માં એલઆઈસીનું આઈપીઓ.
- રણનીતિક વિનિવેશ માટે નવી નીતિને મંજૂરી
- સીપીએસઈએ ૪ રણનીતિક ક્ષેત્રોમાં ખાનગીકરણનો સ્વીકાર કર્યો.
- નીતિ આયોગ રણનીતિક વિનિવેશ માટે સીપીએસઈની નવી સૂચિ પર કામ કરશે.
- કેન્દ્રીય નિધિનો ઉપયોગ કરનારી સાર્વજનિક ક્ષેત્ર કંપનીઓના વિનિવેશ માટે રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે.
- બેકાર પડી રહેલી જમીનના મુદ્રીકરણ માટે કંપનીના રૂપમાં વિશેષ ઉદ્દેશ્ય અમલ.

## મહત્ત્વાકાંક્ષી ભારત માટે વ્યાપક વિકાસ

### કૃષિ

- બધા જ જિન્સ માટે ઉત્પાદન-ખર્ચથી ઓછામાં ઓછું દોઢગણું ન્યૂનતમ સમર્થન મૂલ્ય સુનિશ્ચિત કરવું.
- સ્વામિત્વ યોજનાનો બધાં જ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિસ્તાર કરવામાં આવશે. ૧૨૪૧ ગામડાંમાં ૧.૮૦ લાખ સંપત્તિ માલિકોને કાર્ડ પહેલાંથી જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.
- વિત્તીય વર્ષ ૨૦૨૨માં કૃષિ ક્રેડિટ લક્ષ્ય વધારીને ૧૬.૫ લાખ કરોડ રૂપિયા કરી દેવામાં આવ્યા છે.



પશુપાલન ડેરી અને મત્સ્યપાલન ધ્યાનમાં રાખવા જેવાં ક્ષેત્ર હશે.

- ગ્રામીણ બુનિયાદી ઢાંચા વિકાસ નિધિ ૩૦ હજાર કરોડ રૂપિયાથી વધારીને ૪૦ હજાર કરોડ રૂપિયા કરવામાં આવશે.
- સૂક્ષ્મ સિંચાઈ નિધિ બમણી કરીને ૧૦ હજાર કરોડ રૂપિયા કરવામાં આવી.
- ઓપરેશન ગ્રીન સ્કીમનો જલદી થઈ જતા ૨૨ ઉત્પાદનો સુધી વિસ્તાર કરવામાં આવશે, જેથી કૃષિ અને સંબદ્ધ ઉત્પાદનોમાં મૂલ્ય સંવર્ધનમાં વધારો થાય.
- ઈ-નામના માધ્યમથી લગભગ ૧.૬૮ કરોડ ખેડૂતોને પંજીકૃત કરવામાં આવ્યા અને ૧.૧૪ લાખ કરોડ રૂપિયા મૂલ્યનો વેપાર કરવામાં આવ્યો. ૧૦૦૦ વધુ મંડીઓને પારદર્શિતા અને પ્રતિસ્પર્ધા લાવવા માટે ઈ-નામની સાથે એકીકૃત કરવામાં આવશે.

### મત્સ્યપાલન

- સમુદ્ર અને દેશમાં આધુનિક મત્સ્ય બંદરગાહો અને મત્સ્ય લેડિંગ કેન્દ્રોના વિકાસ માટે રોકાણ.
- પાંચ મુખ્ય બંદરગાહો કોચ્ચી, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ, પારાદ્વીપ અને પેતવાઘાટને આર્થિક ગતિવિધિઓના કેન્દ્રના રૂપમાં વિકસિત કરવામાં આવશે.

### પ્રવાસી કામદાર અને મજદૂર

દેશમાં કોઈપણ સ્થળેથી રેશન મેળવવા માટે લાભાર્થીઓ માટે 'વન નેશન - વન રેશન કાર્ડ યોજના' પ્રવાસી કામદારોને આનાથી ખૂબ લાભ મળ્યો છે.

યોજના લાગુ થયા પછી અત્યાર સુધીમાં ૩૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૮૬ ટકા લાભાર્થીઓને સામેલ કરવામાં આવ્યા છે.

- બાકીનાં ૪ રાજ્યો પણ આગામી કેટલાક મહિનાઓમાં આમાં સામેલ થઈ જશે.
- ગેરસંગઠિત મજદૂરો, પ્રવાસી કામદારો માટે વિશેષ રૂપથી સહાયતા પ્રદાન કરનારી યોજનાઓ તૈયાર કરવા બાબતમાં જાણકારી એકત્ર કરવા માટે પોર્ટલ.

### શ્રમ સંહિતાઓ લાગુ કરવાની પ્રક્રિયા અમલમાં

- બોટ અને પ્લેટફોર્મ પર કામ કરનારા મજદૂરો માટે સુરક્ષાના લાભ.
- બધા વર્ગના મજદૂરો માટે ન્યૂનતમ મજદૂરીની વ્યવસ્થા લાગુ પડશે અને તેમને કર્મચારી રાજ્ય વીમા નિગમ અંતર્ગત લાવવામાં આવશે.
- મહિલા કામદારોને બધી જ શ્રેણીમાં કામ કરવાની મંજૂરી મળશે, જેમાં તેઓ રાતપાળીમાં પણ કામ કરશે અને તેમને પૂરતી સુરક્ષા મળશે.

### સ્ટેન્ડ-અપ ઇન્ડિયા સ્કીમ

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે ચાલુ કરવામાં આવેલી સ્ટેન્ડ-અપ ઈન્ડિયા સ્કીમ.
- માર્જિન મનીને ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવી.
- કૃષિથી સંબંધિત ક્રિયાકલાપો માટે આપવામાં આવનાર ઋણને સામેલ કરવામાં આવે.
- એમએસએમઈ ક્ષેત્ર માટે બજેટમાં ૧૫,૭૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે, જો કે આ વર્ષના બજેટમાં તે બેગણું થવાનું અનુમાન છે.


## માનવવિકાસમાં નવજીવનનો સંચાર

### વિદ્યાલય શિક્ષણ

- ૧૫,૦૦૦થી વધુ વિદ્યાલયોમાં ગુણવત્તાની દૃષ્ટિથી સુધારો કરવામાં આવશે, જેથી ત્યાં રાષ્ટ્રીય નીતિના બધા ઘટકોનું અનુપાલન થઈ શકે. તે પોતપોતાના ક્ષેત્રમાં એક ઉદાહરણપરક વિદ્યાલયના રૂપમાં ઊભરશે અને અન્ય વિદ્યાલયોને પણ સહારો આપશે.

### ઉચ્ચતમ શિક્ષણ

- ભારતીય ઉચ્ચતર શિક્ષણ આયોગ ગઠિત કરવા માટે આ વર્ષે કાયદો રજૂ કરવામાં આવશે. આ એક પ્રકારનું માળખાકીય હશે, જેમાં નિર્ધારણ, પ્રત્યાયન, વિનિયમન અને ફંડિંગ માટે ચાર અલગ અલગ ઘટક હશે.
- બધી સરકારી કોલેજો, વિશ્વવિદ્યાલયો અને અનુસંધાન સંસ્થાનો દ્વારા ઘણાં શહેરોમાં માળખાકીય સંરચનાઓની સ્થાપના કરવામાં આવશે, જેથી સારી રીતે સમન્વય થઈ શકે.
- લદ્દાખમાં ઉચ્ચ શિક્ષણ સુધીનું માળખું બનાવવા માટે લેહમાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવશે.



## અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ કલ્યાણ

- જનજાતીય ક્ષેત્રોમાં ૭૫૦ એકલવ્ય મૉડલ રહેણાંક સ્કૂલોની સ્થાપના કરવાનું લક્ષ્ય.
- આવી સ્કૂલોના સ્થાપનનો ખર્ચ વધારીને ૩૮ કરોડ રૂપિયા કરવો.
- પહાડી અને દુર્ગમ ક્ષેત્રો માટે તે ખર્ચ વધારીને ૪૮ કરોડ રૂપિયા કરવો.
- અનુસૂચિત જાતિના કલ્યાણ માટે પોસ્ટ મેટ્રિક છાત્રવૃત્તિ યોજના પુનઃ પ્રારંભ કરવામાં આવી.
- ૨૦૨૫-૨૬ સુધીનાં વર્ષમાં ૩૫,૨૧૯ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાયતામાં વૃદ્ધિ કરવામાં આવી.
- આનાથી ૪ કરોડ અનુસૂચિત જાતિના છાત્રોને લાભ મળશે.
- યુવાનો માટે નોકરીના અવસરો વધારવા માટે એપ્રેન્ટિસશિપ અધિનિયમમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મુકાયો.
- અભિયાંત્રિકીમાં સ્નાતકો અને ડિપ્લોમાધારકોના શિક્ષણ ઉપરાંત એપ્રેન્ટિસશિપ, પ્રશિક્ષણની દિશામાં હાલમાં મોજૂદ રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ પ્રશિક્ષણ યોજના (એનએટીસએસ)ના પુનઃસર્જન માટે ૩ હજાર કરોડ રૂપિયા.

## નવીનતા, સંશોધન અને વિકાસ

- રાષ્ટ્રીય અનુસંધાન ફાઉન્ડેશન માટે જુલાઈ ૨૦૧૯માં એક કાર્યપ્રણાલી તૈયાર કરવામાં આવી હતી.
- પાંચ વર્ષમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ.
- સંપૂર્ણ સંશોધન વ્યવસ્થાને મજબૂત કરવી તથા રાષ્ટ્રીય પ્રાથમિકતાવાળા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- ભોગવટાની ડિજિટલ લેણ-દેણને પ્રોત્સાહિત કરવા માટે પ્રસ્તાવિત યોજના માટે ૧,૫૦૦ કરોડ રૂપિયા.
- પ્રથમ માનવરહિત યાનનું પ્રક્ષેપણ ડિસેમ્બર, ૨૦૨૧માં થશે.

## ન્યૂનતમ સરકાર-અધિકતમ શાસન

- ઝડપથી ન્યાય મળે તેવું સુનિશ્ચિત કરવા માટે ન્યાયાધીકરણમાં સુધારો કરવાના ઉપાય
- રાષ્ટ્રીય સ્વાસ્થ્ય દેખભાળ આયોગનો પહેલાંથી જ પ્રસ્તાવ થઈ ચૂક્યો છે, જેથી ૫૬ સંબદ્ધ સ્વાસ્થ્ય દેખભાળકર્મીઓની પારદર્શિતા અને દક્ષતા પર નિયંત્રણ સુનિશ્ચિત કરી શકાય.
- રાષ્ટ્રીય નર્સિંગ અને મિડવાઈફરી આયોગ વિધેયક નર્સિંગ વ્યવસાયમાં પારદર્શિતા અને પ્રશાસનિક સુધાર કરવા માટે પ્રસ્તુત કરવામાં આવ્યું.
- સીપીએસઈની સાથે અનુબંધ વિવાદ પછી તરત જ સમાધાન માટે સમાધાનકારી તંત્રનો પ્રસ્તાવ.
- ભારતના ઈતિહાસમાં પહેલી ડિજિટલ જનગણના માટે ૩,૭૬૮ કરોડ રૂપિયાની ફાળવણી.

## ખર્ચની ગુણવત્તા જાળવવી

- ખર્ચની ગુણવત્તા જાળવી રાખવામાં આવી છે. જ્યારે કેપિટલ ખર્ચનો અંદાજ ૨૦૨૦-૨૧ના બજેટના અંદાજ અનુસાર ૪.૧૨ લાખ કરોડ રૂપિયાના પ્રમાણમાં ૨૦૨૦-૨૧ ખરેખર અંદાજ અનુસાર ૪.૩૧ લાખ કરોડ રૂપિયા છે.
- ૩૦.૪૨ લાખ કરોડ રૂપિયાના વાસ્તવિક બજેટના અંદાજ અનુસાર ખર્ચની અપેક્ષા ખર્ચ માટે મૂળ અંદાજ ૩૪.૫૦ લાખ કરોડ રૂપિયા છે.
- ૨૦૨૧-૨૨ના બજેટ અંદાજમાં અંદાજિત ખર્ચ ૩૪.૮૩ લાખ કરોડ રૂપિયા રાખવામાં આવ્યો છે. આમાં ૫.૫ લાખ કરોડ રૂપિયા કેપિટલ ખર્ચ માટે સામેલ છે અને અર્થ-વ્યવસ્થામાં સુધારા માટે ૩૪.૫ ટકાની વૃદ્ધિ કરવામાં આવી છે.
- ૨૦૨૧-૨૨ના બજેટ અંદાજમાં રાજકોષીય ખાધ કુલ સ્થાનિક ઉત્પાદનના ૬.૮ પ્રતિશત અંદાજિત છે. સરકારની ઉધારી, બહુપક્ષીય ઉધારી, લઘુ બચત કોષ અને લઘુ અવધિની ઉધારીથી પ્રાપ્ત ધનના કારણે ૨૦૨૦-૨૧ના વાસ્તવિક અનુમાન અનુસાર રાજકોષીય ખાધ ઘરેલુ ઉત્પાદનના ૯.૫ ટકા થઈ ગઈ છે.
- આગામી વર્ષ માટે બજારમાંથી કુલ ઉધારી લગભગ ૧૨ લાખ કરોડ રૂપિયા રાખવામાં આવી છે.
- ૨૦૨૫-૨૬ સુધીમાં રાજકોષીય ખાધ કુલ ઘરેલુ ઉત્પાદનના ૪.૫ પ્રતિશત કરવા માટે રાજકોષીય સંકોચનના માર્ગ પર અગ્રેસર થવાની યોજના છે.



### વરિષ્ઠ નાગરિકોને રાહત

- બજેટમાં ૭૫ વર્ષની ઉંમર અને તેનાથી વધુ ઉંમરના નાગરિકોને આયકર દાખલ કરવામાંથી રાહત આપવામાં આવી છે. વહીવટ કરનારી બેંક તેમની આવકમાંથી જરૂરી કર કાપી લઈ વસૂલાત કરશે.

### વિવાદો ઓછા કરવા, સમાધાન સરળ

- વિવાદી મામલાઓને ફરીથી ખોલવા માટે સમયમર્યાદા ઘટાડીને ૬ વર્ષથી ૩ વર્ષની કરાઈ.
- કરચોરીના ગંભીર મામલાઓમાં જ્યાં એક વર્ષમાં ૪૦ લાખ અથવા તેનાથી વધુ આવક છુપાવવાની સાબિતી મળે છે. આવા મામલાઓમાં સંબંધિત આકલનને દસ વર્ષ સુધી ફરી વાર ખોલી શકાય છે. પરંતુ આ માટે મુખ્ય અધિકારીની અનુમતિ પ્રાપ્ત કરવી આવશ્યક છે.

### બધા માટે મકાન

- સસ્તાં ઘર ખરીદવા માટે લોનના વ્યાજમાં ૧.૫ લાખ રૂપિયા સુધીની છૂટનું પ્રાવધાન ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી વધારી દેવામાં આવ્યું છે.
- સસ્તા ઘરની યોજનાઓ અંતર્ગત કરમુક્તિનો દાવો કરવા માટેની સમયમર્યાદા એક વર્ષ વધારીને ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી વધારાઈ.
- ઓછાં ભાડાવાળી આવાસીય પરિયોજનાઓ માટે કરરાહતની નવી ઘોષણા.

## કોવિડ-૧૯ મહામારી દરમ્યાન ઉપલબ્ધિઓ

### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (પીએમજીકેવાય)

- ૨.૭૬ લાખ કરોડ રૂપિયાનું પ્રાવધાન
- ૮૦ કરોડ લોકોને મફત અનાજ
- ૮ કરોડ લોકોને મફત રસોઈ માટેનો ગેસ
- ૪૦ કરોડથી વધુ ખેડૂતો, મહિલાઓ, વૃદ્ધો, ગરીબો્ને જરૂરતમંદોને સીધી રોકડ ધનરાશિની મદદ.

### આત્મનિર્ભર ભારત પેકેજ (એએનબી ૧.૧)

- ૨૩ લાખ કરોડ રૂપિયાનું પેકેજ જીડીપીના ૧૦ ટકાથી વધુ.
- પીએમકેજેવાય, ૩ આત્મનિર્ભર ભારત પેકેજ (એએનબી ૧.૦, ૨.૦ અને ૩.૦) આ સિવાય પાંચ નાનાં બજેટો જેવી ઘોષણા પણ બાદમાં કરવામાં આવી.
- આરબીઆઈના આંકડાના આધાર પર ૨૭.૧ લાખ કરોડ રૂપિયાનો વ્યાય ત્રણે આત્મનિર્ભર પેકેજ પર થયો, જે જીડીપીના ૧૩ ટકાથી વધુ છે.

### સંરચનાત્મક સુધારો


- એક દેશ - એક રેશન કાર્ડ
- કૃષિ અને શ્રમસુધાર
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની પુનઃ પરિભાષા
- ખનન ક્ષેત્રનું વાણિજ્યીકરણ
- સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમોનું ખાનગીકરણ
- ઉત્પાદનથી જોડાયેલી પ્રોત્સાહન યોજનાઓ
- કોવિડ-૧૯ સામે ભારતની લડાઈની વર્તમાન સ્થિતિ
- ૨ મેડ-ઇન-ઇન્ડિયા વેક્સિન-કોવિડ ૧૯ની સામે ભારતની નાગરિકોની સાથે સાથે ૧૦૦થી પણ વધુ દેશોના નાગરિકોને ચિકિત્સા, સુરક્ષા પ્રાપ્ત કરાવવામાં ભારત દેશ કારગર સાબિત થયો.
- ૨ અથવા તેનાથી પણ વધુ નવી વેક્સિન જલદી ઉપલબ્ધ થવાની આશા.
- પ્રતિ મિલિયન ન્યૂનતમ મૃત્યુદર અને ન્યૂનતમ સક્રિય

### ૨૦૨૧ ભારતીય ઇતિહાસમાં ઉપલબ્ધિઓનું વર્ષ

- ભારતની આઝાદીનાં ૭૫ વર્ષ.
- ભારતમાં ગોવા સામેલ થયું તેનાં ૬૦ વર્ષ પૂરાં.
- ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધનાં ૫૦ વર્ષ પૂરાં.
- સ્વતંત્ર ભારતની આઠમી જનગણનાનું વર્ષ.
- બ્રિક્સની અધ્યક્ષતા માટે હવે ભારતનો વારો.
- ચંદ્રયાન-૩ મિશનનું વર્ષ.
- હરિદ્વાર મહાકુંભ

### 'આત્મનિર્ભર ભારત' માટે વિઝન

- આત્મનિર્ભરતા કોઈ નવો વિચાર નથી. પ્રાચીન ભારત આત્મનિર્ભર હતું અને સમસ્ત વિશ્વના કારોબારનું કેન્દ્ર હતું.
- 'આત્મનિર્ભર ભારત'એ ૧૩૦ કરોડ ભારતીયોની સ્પષ્ટ અભિવ્યક્તિ છે, જેમને પોતાની ક્ષમતા અને કૌશલ્ય પર પૂરો ભરોસો છે.



# 'આત્મનિર્ભર ભારત'ની દૃષ્ટિએ સમર્પિત, સર્વસમાવેશી, સર્વસ્પર્શી તથા 'ઈઝ ઓફ લીવિંગ'ના પાયા પર રજૂ થયેલ ભાજપ સરકારનું કેન્દ્રીય બજેટ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પદાધિકારીઓ તથા રાજ્ય પ્રભારીઓની એક વર્ચ્યુઅલ બેઠક ૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ યોજવામાં આવી હતી, જે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગતપ્રકાશ નડ્ડાજીની અધ્યક્ષતામાં સંપન્ન થઈ. આ બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી (સંગઠન) શ્રી બી. એલ. સંતોષ સહિત પાર્ટીના બધા રાષ્ટ્રીય પદાધિકારી રાજ્યોના પ્રદેશ ભાજપા અધ્યક્ષ, રાજ્યોના મહામંત્રી (સંગઠન) તથા રાજ્યોના પાર્ટી પ્રભારી હાજર હતા. બેઠકમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'આત્મનિર્ભર ભારત'ની દૃષ્ટિએ સમર્પિત સર્વસમાવેશી, સર્વસ્પર્શી તથા 'ઈઝ ઓફ લીવિંગ'ના પાયા પર રજૂ થયેલા આમ બજેટ ૨૦૨૧-૨૨ માટે એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું કે કોરોનાકાળની કઠિન પરિસ્થિતિઓ દરમિયાન દૂરગામી પરિણામ આપનારા આ 'સર્વજન હિતાય' અને સર્વસ્પર્શી, સર્વસમાવેશી તથા ઈઝ ઓફ લીવિંગની પરિકલ્પનાઓને ચરિતાર્થ કરનાર આમ બજેટ ૨૦૨૧-૨૨ માટે ભારતીય જનતા પાર્ટી, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અભિનંદન પાઠવે છે, અને વિત્તમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણના પ્રયાસોની સરાહના કરીને તેમને શુભેચ્છા પાઠવે છે.

પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું કે આમ બજેટ ૨૦૨૧-૨૨ સ્વાસ્થ્ય અને કલ્યાણ, સર્વસમાવેશી વિકાસ, નવાચાર અને શોધ, મિનિમમ ગવર્નમેન્ટ અને મેક્સિમમ ગવર્નેસ, પૂંજી તથા અવસંરચના તથા માનવજીવનમાં સુગમતાનો સંચારના છ સ્તંભોને રેખાંકિત કરનારી નવા દશકની પાયાનો દૃષ્ટિ-પત્ર છે. ગત છ વર્ષના શાસનકાળમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના વિકાસના તે બધા જ આયામોને સ્પર્શ કર્યો છે, જે દેશના સામાન્ય માણસની આકાંક્ષા હતી. આ નવા દશકમાં આકાંક્ષી અને આશાવાન ભારતને નવી ઉડાન ભરવા માટે પાંખ પ્રદાન કરનાર બજેટ સિદ્ધ થશે. કોવિડ સંક્રમણની વિષમ પરિસ્થિતિમાં પ્રધાનમંત્રીશ્રીએ ભારતની આ ક્ષમતાને ઓળખી 'આત્મનિર્ભર ભારત'નો સંકલ્પ દેશ સમક્ષ મૂક્યો. આ બજેટ આત્મનિર્ભરતાના એ સંકલ્પોને સિદ્ધિ સુધી પહોંચાડવાની મજબૂત અને દૂરગામી કડી છે.

પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે અમે એ ભૂલી શકતા નથી આ બજેટ એક એવા કપરા સમયમાં રજૂ થયું છે, જ્યારે દુનિયા કોરોનાની આફતમાંથી બહાર નીકળી પણ નથી શકી. પરંતુ એ વાત સાચી છે કે કોવિડ સામેની લડાઈમાં ભારતે જે સંવેદના અને સજગતાનો પરિચય આપ્યો, તે આપમેળે ભવિષ્યમાં ઈતિહાસમાં નોંધાનાર એક મિસાલ બની ગયો છે. આ દરમ્યાન કરોડો લોકોને મફત રેશન અને કરોડો લાભાર્થીઓના ખાતામાં વિભિન્ન યોજનાઓના લાભાંશ પહોંચાડવાનું કામ થયું છે. આપણે બબ્બે 'મેડ ઈન ઈન્ડિયા' વેક્સિન બનાવવામાં સફળ થયા છીએ. તેમ જ દુનિયામાં સૌથી મોટા રસીકરણની યોજનાબદ્ધ શરૂઆત પણ થઈ ચૂકી છે. પ્રધાનમંત્રીશ્રીના દૂરદર્શી નેતૃત્વનું આ પરિચાયક છે. ભાજપ આ માટે મોદીજીના નેતૃત્વમાં થયેલાં કાર્યોની સરાહના કરે છે.

આમ બજેટ ૨૦૨૧-૨૨ સ્વાસ્થ્ય માટેના પ્રયત્નોમાં સુધારો, કૃષિક્ષેત્રમાં આધારભૂત ઢાંચાઓને સુદઢતા, ખેડૂતોની ઊપજનું ઉચિત મૂલ્ય આપીને તેમની આવક બમણી કરવાની પ્રતિબદ્ધતા, સડક અને પરિવહન ક્ષેત્રને વિસ્તારવાનું લક્ષ્ય, આધારભૂત સંરચનાને મજબૂતી, નાના અને મધ્યમ કારોબાર માટે સહાય, ગામડાંના વિકાસ માટે બજેટીય પ્રસ્તાવ તથા શિક્ષણક્ષેત્રમાં નવાં નિર્માણ તથા અવસરો વરિષ્ઠ નાગરિકોને આવકવેરો ભરવામાંથી રાહત સહિત બધાં ક્ષેત્રોમાં શ્રેષ્ઠ લક્ષ્યોને સામેલ કરવામાં આવ્યાં છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં કહીએ તો આ બજેટ બધા માટે 'ઈઝ ઓફ લિવિંગ'ની દિશામાં સકારાત્મક પરિવર્તન લાવનાર 'આત્મનિર્ભર ભારત'નું બજેટ છે.

પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે ૬ વર્ષોના આજ સુધીના કાર્યકાળમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોના કલ્યાણને પ્રાથમિકતા આપતાં કૃષિવિકાસ માટે અનેક પગલાં ભર્યાં છે. દેશના ખેડૂતોને સરળતાથી ઋણ ઉપલબ્ધ થાય તે માટે સરકારે ગઈ વખતની તુલનામાં વધારો કરતાં ૧૬.૫ લાખ કરોડનું બજેટ પ્રસ્તુત કર્યું છે. આ ઐતિહાસિક બજેટ માટે ભાજપા યશસ્વી પ્રધાનમંત્રીજીના કુશળ તથા દૂરદર્શી નેતૃત્વને અભિનંદન પાઠવે છે.

●





# નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૧૧ ટકા રહેશે



નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૧૫.૪ ટકા રહેશે, જે દેશની આઝાદી બાદ સર્વાધિક છે. વ્યાપક રસીકરણ અભિયાન, સેવા ક્ષેત્રમાં ઝડપથી થઈ રહેલ સુધારા તથા રોકાણમાં ત્વરિત વૃદ્ધિની સંભાવનાઓને કારણે દેશમાં 'V' આકારમાં આર્થિક વિકાસ સંભવિત થશે.

કેન્દ્રીય નાણા તથા કોર્પોરેટ કાર્યમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે ૨૯મી જાન્યુઆરીએ સંસદમાં આર્થિક સમીક્ષા ૨૦૨૦-૨૧ રજૂ કરી, જેમાં કહેવામાં આવ્યું કે ગત વર્ષની અપેક્ષાએ ઓછા રહેલા સંબંધિત આંકડાઓની સાથે સાથે કોવિડ-૧૯ ઉપચારમાં કારગર રસીકરણનો ઉપયોગ શરૂ કરી દેવાથી દેશમાં આર્થિક ગતિવિધિઓ સતત સામાન્ય થતી હોવાના કારણે આર્થિક વિકાસ ઝડપથી ગતિ પકડશે.

દેશના બુનિયાદી આર્થિક તત્ત્વો આજે પણ મજબૂત છે કેમ કે લોકડાઉનને ક્રમિક રીતથી હટાવવાની સાથે-સાથે 'આત્મનિર્ભર ભારત' મિશનના લીધે આપવામાં આવેલી આવશ્યક સહાયતાના કારણે અર્થવ્યવસ્થા મજબૂતી સાથે વધુ સારા માર્ગે અગ્રેસર થઈ રહી છે. આ માર્ગ પર અગ્રેસર થવાને લીધે વિકાસદરની તુલનામાં વાસ્તવિક જીડીપીમાં ૨.૪ પ્રતિશતની વૃદ્ધિ થશે, જેનો મતલબ એ છે કે અર્થવ્યવસ્થા બે વર્ષમાં મહામારી પૂર્વેના સ્તર પર પહોંચવાની સાથે સાથે એનાથી પણ આગળ વધી જશે.

આ અનુમાન ખરેખર આઈએફએફના પૂર્વાનુમાન અનુરૂપ છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતનો વાસ્તવિક જીડીપી દર નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧.૫ પ્રતિશત અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૬.૮ પ્રતિશત રહેશે. આઈએમએફ અનુસાર ભારત આગામી બે વર્ષોમાં સૌથી તેજ ગતિથી આગળ ધપતી અર્થવ્યવસ્થાવાળું રાષ્ટ્ર બની જશે.


આર્થિક સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે સો વર્ષે એક વખત ભારે કેર વર્તાવનારા ગંભીર સંકટ સામે ઝઝૂમવામાં ભારતે અત્યંત પરિપક્વતા દાખવી છે. ભારતે જે વિભિન્ન નીતિગત પગલાં ઉઠાવ્યાં તેનાથી અનેક દેશોને પ્રેરણા મળી છે, જેનાથી તેઓ અદૂરદર્શીય નીતિઓ બનાવતાં અટકે. આ સાથે ભારતના આ નીતિગત પગલાં દીર્ઘકાલિક લાભ પર પ્રકાશ પાડતાં મહત્ત્વપૂર્ણ ફાયદા પણ દર્શાવે છે.

### રાજકોષીય અને નાણાકીય સહાયતા

ભારતે નિયંત્રણ, રાજકોષીય, નાણાકીય અને દીર્ઘકાલિક ઢાંચાગત સુધારાની ચાર સ્તંભોવાળી અનોખી રણનીતિ બનાવી. દેશમાં ઊભરાતા આર્થિક પરિદૃશ્યને ધ્યાનમાં રાખતાં વ્યવસ્થિત રીતે રાજકોષીય અને નાણાકીય સહાય આપવામાં આવી. સાથે સાથે આ દરમ્યાન ક્રમિકરૂપે અન-લોક કરતી વખતે સંબંધિત સરકારી ઉપાયોની નાણાકીય અસરો અને લોનની નિરંતરતાને પણ ધ્યાનમાં રાખતાં લોકડાઉન દરમ્યાન સર્વાધિક અસુરક્ષિતતા ભોગવનારાઓને આવશ્યક સહાયતા આપવામાં આવી અને એની સાથે જ વિભિન્ન વસ્તુઓનો ઉપભોગ તથા રોકાણને ઘણું પ્રોત્સાહન મળ્યું. અનુકૂળ નાણાકીય નીતિથી પર્યાપ્ત તરલતા નિશ્ચિત થઈ. આ રીતે નાણાકીય નીતિનાં પગલાંનો લાભ પ્રદાન કરતી વખતે લોનધારકોને અસ્થાયી મહેતલને બદલે તત્કાલ રાહત આપવામાં આવી.

આર્થિક સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે વિત્ત વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતનો જીડીપી વૃદ્ધિદર (-)૭.૭ પ્રતિશત રહેવાનું અનુમાન છે. પ્રથમ છ મહિનામાં જીડીપીમાં ૧૫.૭ ટકાની બેફામ ઘટ અને બીજા છ મહિનામાં ૦.૧ ટકાની અત્યંત કમ ઘટ જોઈને આ અનુમાન કરવામાં આવ્યું છે.

વિભિન્ન ક્ષેત્રો પર દૃષ્ટિપાત કરતાં ખ્યાલ આવે છે કે કૃષિ ક્ષેત્ર હજુ પણ આશાનું કિરણ છે, જ્યારે કે લોકોના અરસપરસના સંપર્કવાળી સેવાઓ, વિનિર્માણ અને



નિર્માણક્ષેત્ર ખરાબ રીતે પ્રભાવિત થયાં હતાં, જેમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. સરકારી ઉપભોગ અને શુદ્ધ નિકાસના લીધે આર્થિક વિકાસમાં હજુ વધુ રુકાવટ જોવામાં નથી આવી.

પહેલાં અનુમાન લગાવાયું હતું કે લોકડાઉનના કારણે પ્રથમ ત્રણ માસમાં (-) ૨૩.૯ ટકાનો ભારે ઘટાડો નોંધાયેલ. ત્યારે જ બાદમાં 'V' આકારમાં વૃદ્ધિ, એટલે કે નિરંતર સારી વૃદ્ધિ જોવા મળે છે, જે બીજા ત્રણ માસમાં જીડીપીમાં ૭.૫ પ્રતિશતની અપેક્ષા મુજબ ઓછી ઘટ અને બધા મહત્ત્વપૂર્ણ આર્થિક સંકેતોમાં થઈ રહેલી સારી સ્થિતિમાં પ્રતિબિંબિત થાય છે.

ગત જુલાઈ મહિનાથી 'V' આકારમાં આર્થિક સ્થિતિ સારી રહી છે, જે પ્રથમ ૩ માસમાં નીચા જીડીપી દર થયા પછીના ૩ માસમાં અપેક્ષા મુજબ જીડીપી દર વધ્યો છે.

ભારતમાં મહામારીનો પ્રકોષ વધ્યા પછી વધતી ગતિશીલતા પર નજર રાખવાથી પ્રતીત થાય છે કે વિભિન્ન સંકેતો જેવા કે ઈ-વે બિલ, રેલ માલ ભાડાં, જીએસટી સંગ્રહ અને વીજળીની માંગ વધીને મુશ્કેલી ન  કેવળ પૂર્વ વર્ષોના સ્તર સુધી પહોંચી છે, બલકે ગત વર્ષોનાં સ્તરોને પણ પાર કરી ગઈ છે. રાજ્યની અંદર અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં આવનજાવન ચાલુ કરવાથી જીએસટીમાં ઘણો સુધારો થયો છે. વાણિજ્યિક વેપાર-ધંધામાં તેજ વૃદ્ધિ ઊપજમાં ઘટ આવવી અને એમએસએમઈને મળેલા કર્જમાં ઉલ્લેખનીય વૃદ્ધિથી પ્રતીત થાય છે કે વિભિન્ન ઉદ્યોગોને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વ્યાપક માત્રામાં ઋણ મળી રહ્યું છે.

## કૃષિ ક્ષેત્રની ઉલ્લેખનીય વૃદ્ધિ

સમીક્ષામાં કહેવાયું છે કે કૃષિ ક્ષેત્રના લીધે વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતીય અર્થવ્યવસ્થાને કોવિડ-૧૯ મહામારીથી લાગેલા ઝટકાઓની અસર ઘણી માત્રામાં ઓછી થઈ જશે. કૃષિ ક્ષેત્રની વૃદ્ધિ દર ત્રણ માસની સાથે સાથે બીજા ત્રણ માસ પણ ૩.૪ ટકા રહી છે. સરકાર દ્વારા લાગુ કરાયેલા વિભિન્ન  પ્રગતિશીલ સુધારાઓએ જીવંત કૃષિક્ષેત્રના વિકાસમાં ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે, જે વિત્ત વર્ષ ૨૦૨૦-૨૧માં પણ ભારતની વિકાસગાથા માટે આશાનું કિરણ છે.

જોખમ ન ઉઠાવવાની પ્રવૃત્તિ અને ઋણની ઘટતી માંગના લીધે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં બેંક લોનનાં સ્તર નિમ્ન સ્તરે રહ્યાં. જો કે કૃષિ તથા સંબંધિત ગતિવિધિઓ માટે આપવામાં આવેલ લોન ઓક્ટોબર, ૨૦૧૯ના ૭.૧ ટકાથી વધીને ઓક્ટોબર ૨૦૨૦માં ૭.૪ના સ્તર સુધી પહોંચી ગયું. ઓક્ટોબર ૨૦૨૦ દરમ્યાન નિર્માણ, વ્યાપાર તથા આતિથ્ય જેવા ક્ષેત્રોમાં લોનપ્રવાહમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ, જ્યારે વિનિર્માણ ક્ષેત્રમાં બેંક લોનપ્રવાહ ધીમો રહ્યો. સેવા ક્ષેત્રનો લોનપ્રવાહ ઓક્ટોબર, ૨૦૧૯ના ૬.૫ ટકાથી વધીને ઓક્ટોબર ૨૦૨૦માં ૯.૫ ટકા થઈ ગયો.

## વિદેશી મુદ્રાભંડારમાં વધારો

બાહ્ય ક્ષેત્રથી પણ ભારતમાં વિકાસને ઘણો સહારો મળ્યો. ખરેખર ચાલુ ખાતામાં વર્ષના પ્રથમ ૬ માસ દરમ્યાન જીડીપીનો દર ૩.૧ ટકા રહ્યો, જે સેવા નિકાસમાં ઉલ્લેખનીય વૃદ્ધિ અને ઓછી માંગના લીધે સંભવિત થયું. આ કારણથી નિકાસ (વાણિજ્યિક નિકાસમાં ૨૧.૨ પ્રતિશતની ઘટ સાથે)ની તુલનામાં આયાત (વાણિજ્યિક આયાતમાં ૩૯.૭ પ્રતિશતની ઘટ સાથે)માં ભારે ઘટ નોંધવામાં આવી. આના પરિણામસ્વરૂપ દેશમાં વિદેશી નાણાભંડાર એટલો અધિક વધી ગયો, જેનાથી ૧૮ માસની આયાતને કવર કરી શકાય છે.

ભારત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પણ પસંદગીનું મૂડીરોકાણનું સ્થાન બની રહ્યું. જે વૈશ્વિક મૂડીરોકાણને શેરોમાં રોકવા અને ઊભરતી અર્થવ્યવસ્થાઓમાં તેજી આવવાની સંભાવનાઓ કારણે સહજ રીતે સંભવ થવા પામી છે.  દેશમાં શુદ્ધ એફપીઆઈ પ્રવાહ નવેમ્બર ૨૦૨૦માં ૯.૮ અરબ ડોલરના સર્વકાલિક માસિક ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયો, જેથી રોકાણકારોને ફરીથી જોખમ ઉઠાવવાનું સાહસ વધશે. વૈશ્વિક સ્તર પર નાણાકીય નીતિને ઉદાર બનાવવાથી અને ઘોષિત કરવામાં આવેલા રાજકોષીય પ્રોત્સાહન પેકેજના લીધે અનુકૂળ ઊપજ પ્રાપ્ત કરવા પર વિશેષ ભાર આપવાથી અમેરિકી ડોલર કમજોર થવાનું સંભવિત બન્યું. ભારત વર્ષ ૨૦૨૦માં વિભિન્ન ઊભરતા બજારોમાં એકમાત્ર એવો દેશ છે, જ્યાં ઈક્વિટીમાં એફઆઈઆઈનો પ્રવાહ ચાલુ થયો.

●



હેમત ગોહિલ - જામનગર

## ૮ - માર્ચ : શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર જન્મદિન

# પક્ષની વિચારધારા પ્રજાજીવનમાં વહેતી કરનાર આદર્શઘેલા કર્મવીર



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વ. સરસંઘચાલક મા. શ્રી બાળાસાહેબ દેવરસજીએ વસંતભાઈ ગજેન્દ્ર ગડકર વિષે લખ્યું છે કે, વસંતભાઈમાં અનેક શ્રેષ્ઠ ગુણો સંઘરાયેલા પડ્યા હતા. તેઓ ઉચ્ચ કોટીના ધારાશાસ્ત્રી, ઉત્તમ સંગઠક, પ્રભાવશાળી વક્તા, ઉમદા લેખક તથા મૌલિક ચિંતક હતા.

શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર વિષે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વસંત સ્મૃતિ' અંકમાં લખ્યું છે કે,

**ક્યારેય પણ સમુદ્રનું શબ્દોમાં**
**વર્ણન કરવું હોય તો ?**
**સમુદ્ર એટલે ?**
**વિશાળ જળાશય -**
**???**
**વિશાળ એટલે...?**
**બસ વિશાળ...**
**એને કોઈ મર્યાદા નહિ...**
**જોયા વગર, નજીક ગયા વગર**
**સમુદ્રને જાણી ન શકાય...**
**આપણા વસંતભાઈનું વ્યક્તિત્વ...**
**વિદ્વાન, વ્યવહારુ, વિચારક, વિનોદી,**
**વેગીલું, વૈવિધ્યસભર, વિશાળ**
**વ્યક્તિત્વ એટલે વસંતભાઈ.**

### પ્રચારક જીવન

શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર જન્મે મરાઠી હોવા છતાં, શાળાથી માંડીને કૉલેજ સુધીનો અભ્યાસ તેમણે ગુજરાતમાં કર્યો હોઈ, ગુજરાતમાં જ તેમના જીવનનું ઘડતર થયું હતું અને તેમની કર્મભૂમિ પણ ગુજરાત બની રહી. તા. ૮-૩-૧૯૨૬ના રોજ મહારાષ્ટ્રના સતારામાં જન્મેલ વસંતભાઈએ બી.કોમ., એલએલ.બી. સુધીનો અભ્યાસ ગુજરાતમાં કરેલ.

પ્રચારક જીવન દરમ્યાન જ તેમણે જીવનનું ધ્યેય નક્કી કરી લીધું હતું. જીવનમાં કંઈક કરવું જોઈએ એવો એમનો સંકલ્પ હતો. જીવનધ્યેયની પરિપૂર્તિની આડે જે આવ્યું છે તે તેમણે છોડ્યું. જનસંઘનું કાર્ય કરતા હતા ત્યારે કુટુંબના વડીલે તેમને માટે સારી નોકરીની શોધ કરી, પણ વસંતભાઈએ તે નકારી. જો તેમણે તે સારી નોકરી સ્વીકારી હોત તો તે ઘણા સુખી થયા હોત પણ આમ કરવા જતાં જીવનધ્યેય છોડવું પડતું હતું, જે વસંતભાઈને સ્વીકાર્ય ન હતું.


### કાર્યકર્તાઓના 'ધ્રુવતારક'

વસંતભાઈનું સમગ્ર જીવન કાર્યકર્તા માટે પ્રેરણાદાયી બની રહે તેવું છે. વસંતભાઈ ઉત્તમ લોકસંગ્રહી હતા. એ જેના સંપર્કમાં આવતા તેને ઝડપથી જીતી લેતા. એમની વ્યક્તિની પરખ કરવાની શક્તિ ગજબની હતી. દરેક વ્યક્તિની શક્તિને અનુરૂપ કામ તેઓ સોંપતા. તેઓ કહેતા કે આળસ અને નિષ્ક્રિયતા સંગઠનના મોટા શત્રુ છે. એ સતત કાર્યક્રમો આપતા, તેની જવાબદારી અનેક કાર્યકર્તાઓમાં વહેંચતા. કાર્યકર્તાના પારિવારિક જીવન તરફ પણ તેઓ દુર્લક્ષ ન કરતા. કાર્યકર્તા સાથેનો તેમનો સંબંધ માત્ર કાર્યાલય પૂરતો જ મર્યાદિત ન રહેતાં કુટુંબ સુધી વિસ્તરતો. વસંતભાઈ ચર્ચાને કાયમ આવકારતા. કાર્યકર્તા સિદ્ધાંતનિષ્ઠ, અભ્યાસુ અને નિર્ભિક હોવા જોઈએ. એ ગુણો કેળવાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા. કાર્યકર્તા ખુલ્લા દિલે વસંતભાઈ જોડે ચર્ચા કરતા.

વસંતભાઈ દઢપણે માનતા કે સંગઠનના પાયામાં કાર્યકર્તા રહેલો છે. કાર્યકર્તા એ સંગઠનના પરિચયપત્ર જેવો છે. એના આચાર, વિચાર, વ્યવહાર દ્વારા જનતા સંગઠન માટે અભિપ્રાય બાંધે છે. તેઓ કાર્યકર્તાના સર્વાંગીણ ઘડતર માટે અભ્યાસવર્ગોના આયોજન પર વધુ ભાર મૂકતા. કાર્યકર્તા સંગઠનને સાચવે, સંગઠન કાર્યકર્તાની ચિંતા કરે એવો વ્યવહાર એમણે ઊભો કર્યો હતો.

### પુરુષાર્થી જીવ

વસંતભાઈનો મૂળ જીવ તો સંઘનો. એ જનસંઘમાં ગયા એની પાછળ સત્તાલાલસા ન હતી - પદલાલસા ન હતી. એ સમયની માંગ હતી. ગુજરાતમાં જનસંઘને સ્થિર કરવામાં અને પ્રતિષ્ઠા અપાવવામાં વસંતભાઈનો મોટો ફાળો છે. કેવા કપરા અને નિરાશા જ સાંપડે તેવા દિવસોમાં પક્ષને ઊભો કરવા માટે વસંતભાઈએ કાર્ય કર્યું છે તેનું એક જ ઉદાહરણ પૂરતું છે.



**લોકહિતનાં સોણલાં સાકાર કરવા આરામને એમણે રામ રામ કર્યા હતા**
**- શ્રી નરેન્દ્રભાઈ મોદી**

**રાજકારણ જેને માટે ધંધો નહિ, ધર્મ હતું**
**- શ્રી લક્ષ્મણરાવ ઇનામદાર (વકીલ સાહેબ)**

**ઈર્ષ્યા, દ્વેષ કે વેરવૃત્તિને તેમના જીવનમાં સ્થાન ન હતું. દરેક સારો નાગરિક જનસંઘમાં હોય એ એમનું ધ્યેય હતું**
**- શ્રી કેશુભાઈ પટેલ**

**કમળથી કોમળ એમનાં વાણી-વર્તન હતાં, છતાં સૈદ્ધાંતિક બાંધછોડમાં ખડકની અડગતા હતી**
**- શ્રી હરિસિંહજી ગોહિલ**

**જીવનની અંતિમ ઘડી સુધી માત્ર રાષ્ટ્રહિતનો જ વિચાર કર્યો**
**- શ્રી હેમાબહેન આચાર્ય**

ગુજરાતમાં જનસંઘની શરૂઆતના એ દિવસો હતા. પક્ષને વિસ્તારવા અને મજબૂત કરવા વસંતભાઈ સતત પ્રવાસ કરતા. એકવાર ખૂબ ઠંડીના દિવસોમાં આણંદનો કાર્યક્રમ ગોઠવાયો. વસંતભાઈ ઠંડી ખૂબ લાગતી એટલે સ્વેટર, શાલ, ટોપી, મોજાં વગેરેમાં ઢબૂરાઈને આણંદ સ્ટેશને ઊતર્યા તેમને લેવા એક કાર્યકર્તા આવ્યા હતા. બેઠક અંગે ચર્ચા કરીને તેઓ કાર્યકર્તા સાથે ચાલી નીકળ્યા. વસંતભાઈને એક દુકાને બેસાડી કાર્યકર્તા ''હમણાં આવું છું.'' કહીને ગયા. દોઢેક કલાક બાદ કાર્યકર્તા આવ્યા અને કહ્યું, ''વસંતભાઈ, હજુ ત્રણ-ચાર કાર્યકર્તાઓને બેઠકની સૂચના દેવાની છે. હમણાં આવું છું.'' કહીને કાર્યકર્તા ગયા ને ફરી એકાદ કલાકે પાછા આવ્યા. વસંતભાઈ અને કાર્યકર્તા બેઠકના સ્થળે ગયા. જેમના ઘેર બેઠક રાખી હતી તે ભાઈને બેઠકની માહિતી કે સૂચના જ ન હતી. તેમણે કહ્યું, ''બેઠક મારે ઘેર છે તેની મને ખબર જ નથી.''

કાર્યકર્તા, વસંતભાઈ અને પેલા જેના ઘેર ગયા હતા તે કાર્યકર્તા થોડીવાર ઘરની બહાર ઊભા રહ્યા, જનસંઘ વિષે થોડી ચર્ચા કરી અને વસંતભાઈ તુરત ફરી પાછા ઠંડીમાં રેલવે સ્ટેશને જતા રહ્યા. રસ્તામાં વસંતભાઈએ પેલા કાર્યકર્તાને ખભે હાથ મૂકી બીજી વારના પ્રવાસની તારીખ નક્કી કરી અને બેઠકની વ્યવસ્થાની સૂચનાઓ આપી. ન તો તેમની ઝાટકણી કાઢી કે ન તો નારાજગી વ્યક્ત કરી.

સંગઠનનાં તમામ કામ કાર્યકર્તાઓ જાતે કરે તેના તેઓ આગ્રહી હતા. પક્ષના વડા તરીકે માત્ર આદેશ આપીને સૂચના કરીને બેસી ન રહેતા. તેઓ કાર્યકર્તાના કામમાં ભાગ પડાવતા. જનસંઘના શરૂઆતના કાળમાં પ્રચાર માટે રોડ પેઈન્ટિંગ, પોસ્ટર ચોંટાડવા, સરઘસ માટેના પ્લેકાર્ડ લખવાનું કામ તેઓ પોતે પણ કરતા. કાર્યાલયમાં સફાઈમાં તો તેઓ કાયમ કાર્યકર્તાને સાથ આપતા. કોઈ કામ નાનું નથી કે કોઈ કામ મોટું નથી. સંગઠનનું કામ આપણું કામ છે. તેમાં શરમ કે સંકોચ ન હોય. આ વાત તેઓ કાયમ કહેતા.

## કટોકટી સામેના લડવૈયા

કોંગ્રેસે દેશમાં લોકશાહીની હત્યા સમાન કટોકટી લાદતાં જનસંઘે દેશભરમાં જબ્બર આંદોલન ચલાવ્યું. કોંગ્રેસે દેશભરના સંનિષ્ઠ રાજનેતાઓને જેલમાં ધકેલી ભયનું વાતાવરણ ફેલાવી દીધેલ. ગુજરાતમાં કટોકટી સામેની લડતમાં વસંતભાઈ અડીખમ લડવૈયા તરીકે લડ્યા. કટોકટી સામેના આંદોલનમાં વસંતભાઈનું માર્ગદર્શન મળતું રહેલું. કટોકટી સામેનું આંદોલન વ્યાપક અને ઉગ્રતાથી ચાલે, યોગ્ય દિશામાં ચાલે, બધી જ કાર્યવાહી સુનિયંત્રિત અને વ્યવસ્થિત ચાલે એ માટે વસંતભાઈ સતત જાગૃત રહેતા.

એકવાર કટોકટીના આંદોલનની સમીક્ષા કરવા ગુપ્તવેશે નાનાજી ગુજરાત આવેલા. ગુજરાત બાદ તેઓને મહારાષ્ટ્રમાં જવાનું હતું. પરંતુ, બોર્ડર ઉપર સઘન ચેકિંગ હતું. નાનાજીને એકલા જાય તો પકડાઈ જવાનો ડર હતો. વસંતભાઈએ કહ્યું, હું આપની સાથે આવું છું. આપને એકલા ન જવા દઉં. તે સમયે વસંતભાઈને હાર્ટની તકલીફ હતી. જો નાનાજી સાથે તેઓની ધરપકડ થાય તો જેલમાં વસંતભાઈની તબિયત વધુ બગડે. આ સમસ્યાનો રસ્તો કાઢવા વસંતભાઈનાં ધર્મપત્ની વિદ્યાબહેને સલાહ આપી કે આપ બંનેની સાથે હું પણ આવીશ, જેથી બોર્ડર પર પોલીસને લાગે કે આ તો કુટુંબના સભ્યો છે. વસંતભાઈએ જ્યારે કહ્યું કે કદાચ પકડાઈ ગયા તો તારે પણ જેલમાં જવું પડશે. વિદ્યાબહેને હસતાં હસતાં કહ્યું કે દેશ માટે જેલમાં જવું પડે તેનાથી અહોભાગ્ય બીજું કયું



હોઈ શકે ? અંતે નક્કી થયું કે મોટરમાં બધાએ નાનાજીને મહારાષ્ટ્ર બોર્ડર પસાર કરાવવી. વિદ્યાબહેનના પ્રત્યક્ષ સહયોગ વિના વસંતભાઈ માટે પોતાની કાર્યશક્તિનો કદાચ પૂરો ઉપયોગ કરવાનું શક્ય ન બનત. શ્રીમતી વિદ્યાબહેને વસંતભાઈના પ્રત્યેક કાર્યમાં તેમનો પડછાયો બનીને સહકાર આપ્યો, પરિશ્રમ વેઠ્યો, અપાર કષ્ટો વેઠ્યાં.

### પ્રામાણિકતાની પરાકાષ્ઠા

વિચાર અને વ્યવહારમાં પૂર્ણ શુદ્ધતા એ શ્રી વસંતભાઈનો જીવનમંત્ર હતો. એકવાર ઉદયપુર જનસંઘની અખિલ ભારતીથ પ્રતિનિધિ સભા હતી. બધા સંગઠન મંત્રીઓએ પક્ષની મોટરમાં ઉદયપુર જવાનું હતું. વસંતભાઈનાં ધર્મપત્ની શ્રીમતી વિદ્યાબહેન પણ અ.ભા. પ્રતિનિધિ સભાના સભ્ય હોવાથી ઉદયપુર સૌની સાથે આવવાનું હતું. પક્ષની મોટરમાં વસંતભાઈ સાથે બીજા બે સંગઠન મંત્રી જાય એવું નક્કી થયું. સાથે વિદ્યાબહેન પણ જાય તેવું નક્કી થતાં વસંતભાઈએ સૌના આશ્ચર્ય વચ્ચે વિદ્યાબહેન પાસે ભાડાના પૈસા માંગ્યા, બધાએ આ વાતનો વિરોધ કર્યો પણ વસંતભાઈ એકના બે ન થયા. તેમની દલીલ હતી કે પક્ષની મોટરકાર પક્ષના સંગઠન મંત્રીઓના ઉપયોગ માટે છે. વિદ્યાબહેન સંગઠન મંત્રી નથી માટે તેમણે ભાડું ચૂકવવું જોઈએ. છેવટે તેમણે ભાડું લીધું જ. ૧૯૬૪ સુધી વસંતભાઈ સાઇકલ વાપરતા. તે પછી સ્કૂટર આવ્યું અને મોટરકાર તો છેક ૧૯૭૨-૭૩માં આવી. સૌએ જ્યારે વસંતભાઈને કહ્યું કે, વસંતભાઈ, આટલી પ્રામાણિકતા હોઈ શકે? વસંતભાઈનો જવાબ હતો ‘‘કોઈકે

### શ્રી નરેન્દ્રભાઈ મોદીની હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ



વસંતભાઈ જીવનના અંતિમ દિવસો સુધી પક્ષના કાર્ય માટે કાર્યરત રહ્યા. વસંતભાઈને શ્રદ્ધાંજલિ અર્પતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લખ્યું છે,

અહીં સૂતેલા જીવે શરીરને ક્યારેય સ્નેહ કર્યો ન હતો... ! પોતાની જીવનજ્યોત દ્વારા જ જેણે દીપ પ્રજ્વલિત કર્યે રાખ્યા હતા...! શ્રમની એમને સૂગ ન હતી...

લોકહિતનાં સોણલાં સાકાર કરવા આરામને એણે રામરામ કર્યા હતા.

હજારોની ચિંતા કરવાની વૃત્તિ એને ચિતા તરફ જતો રોકવા અસમર્થ બની ગઈ હતી.

શ્રી નરેન્દ્રભાઈ મોદી આગળ લખે છે.

બપોરે ૨.૩૦ કલાકે, તેમની કર્મભૂમિ ખાડિયાના જનસંઘ કાર્યાલયમાંથી સ્મશાનયાત્રા નીકળી. બસ ! એટલું જ કહેવું બસ થશે કે રાજકીય નેતાઓની આવી સ્મશાન યાત્રાઓ ભાગ્યે જ નીકળતી હશે. એણે રાજ કર્યું હતું લોકોનાં હૈયા ઉપર. આજે એ હૈયાં સૂનાં બની ગયાં હતાં, લાખો આંખો આંસુથી છલકાતી હતી.

તે રાત્રે મેં મારી ડાયરીમાં નોંધ્યું -

દોસ્તી કા જામ પીને સે પહલે હી ટૂટ ગયા !
સૂરજ શામ સે પહલે ઢલ ગયા !!

તો શરૂઆત કરવી પડશે ને? શરૂઆત એકથી પણ થઈ શકે.


### શિસ્તના આગ્રહી

વસંતભાઈ શિસ્તના આગ્રહી જરૂર હતા પણ શિસ્ત કદી કાર્યકર્તા ઉપર લાદતા નહીં. તેમના વ્યવહારથી જ એ સમજાઈ જતું. વસંતભાઈનો એક પ્રેરણાદાયી પ્રસંગ યાદ આવે છે. લીંબડીમાં જનસંઘનો એક અભ્યાસવર્ગ હતો. કાર્યકર્તાઓના ભોજન વખતે ગુજરાતભરમાંથી જુદા જુદા જિલ્લાઓમાંથી આવેલા કાર્યકર્તાઓએ ભોજન પીરસવાનો વારો આવતો. તે દિવસે વસંતભાઈને રાત્રે જમવાનું હતું નહીં તેથી તેમણે મુખ્ય કાર્યકર્તાઓ સાથે બેઠકનું આયોજન કરેલ, પરંતુ, તેઓના ધ્યાનમાં આવ્યું કે આજે રાત્રે તો અમદાવાદના કાર્યકર્તાઓનો ભોજન પીરસવાનો વારો છે. વસંતભાઈ કમંડળ લઈ પીરસવા લાગ્યા. સૌએ કહ્યું કે, આપના માટે આ સૂચના નથી. ત્યારે વસંતભાઈએ કહ્યું કે, ‘‘શું હું અમદાવાદનો કાર્યકર્તા નથી? સૂચના દરેક કાર્યકર્તા માટે સરખી હોય, દરેકે પાળવી જોઈએ. તેમાં ભેદ ન ચાલે !

આમ વસંતભાઈએ સ્વયંશિસ્ત પાળી નેતા અને કાર્યકર્તા વચ્ચે કોઈ ભેદ ન હોય એ વાત સાબિત કરી.

### ગંભીર જવાબદારીઓ વચ્ચે હળવાશની પળો

શ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં - શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘વસંત સ્મૃતિ’ અંકમાં વસંતભાઈ સાથે ગુજારેલ અનેક પ્રસંગોનો ઉલ્લેખ કરેલ છે. તેમાંના એકાદ-બે પ્રસંગો શ્રી



નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં જોઈએ.

વસંતભાઈને ડાયાબિટીસ હતો પણ ખાવાના ભારે શોખીન. મારે દર ગુરુવારે વસંતભાઈના ઘેર જમવા જવાનું હતું. વસંતભાઈ મજાકમાં વિદ્યાભાભીને આજે નરેન્દ્રભાઈનો જન્મદિવસ છે એમ કહી કંઈક મીઠી વાનગી બનાવરાવે અને પછી જમ્યા પછી કહે કે આજે નરેન્દ્રભાઈનો જન્મ દિવસ નથી હોં...? શાંતાભાભીની વસ્તુઓ સંતાડી દેવી, તેમને ડરાવવાં, ક્યારેક વંદો પકડીને શાંતાભાભીને દોડાવવાં, તો ક્યારેક ભત્રીજા અજય સાથેની ધમાચકડીમાં આખું ઘર માથે લેવું વગેરે પ્રસંગો વસંતભાઈના ટીખળી સ્વભાવનાં દર્શન કરાવતા.

વસંતભાઈને વરસાદમાં ન્હાવાનો ભારે શોખ હતો. તબિયત ખરાબ હોવા છતાં વરસાદ આવે એટલે પહેરેલ કપડે વરસાદમાં પલળવા નીકળી પડે. એમના જીવનનું છેલ્લું વરસાદી સ્નાન અમે સાથે કર્યું. એકવાર હું તેમના ઘેર હતો અને મુશળધાર વરસાદ શરૂ થતાં જ વસંતભાઈએ પહેરેલ કપડે મારો હાથ પકડી, મને પણ વરસાદમાં ન્હાવા આગ્રહપૂર્વક સાથે લીધો. એમના ઘરની સામે પરિમલ ગાર્ડનમાં અમો બે કલાક સુધી વરસાદમાં પલળતા જ રહ્યા. વસંતભાઈ નાના બાળકની જેમ વરસાદનાં બિંદુઓને ઝીલતા. નાના બાળકની જેમ કુદરતી વાતાવરણને માણતા રહ્યા. એ એમના જીવનનું છેલ્લું વરસાદી સ્નાન બની રહ્યું. ગંભીર જવાબદારીઓ વચ્ચે પણ વ્યક્તિગત જીવનમાં કેટલી હળવાશ!!

## કડવું પણ સત્ય બોલતા

વસંતભાઈ હતા તો પક્ષના મંત્રી પરંતુ ખજાનચી તરીકેની વિશેષ જવાબદારી પણ પોતે સંભાળતા. કાર્યકર્તાઓની તકલીફોનું સંપૂર્ણ ધ્યાન રાખતા. કાર્યકર્તાઓ સાથે માત્ર પક્ષીય સંબંધ જ ન રાખતા. તેમના પરિવાર સાથે પણ પારિવારિક સંબંધો સ્થાપિત કરી, સૌનાં દિલ જીતી લેતા. કાર્યકર્તાઓને ઘણીવાર તેની ભૂલ બદલ કડવી વાત કહેતાં અચકાતા નહીં. આ સમયે તેઓ વાત પર ગળપણ લગાડતા નહીં. છેવટે તો આ બધાથી પક્ષને જ લાભ થતો. સ્પષ્ટ વક્તા તરીકેની તેઓની છાપથી સૌ કાર્યકર્તા પરિચિત હતા. સ્પષ્ટ વિચાર, સચોટ તર્ક, અભ્યાસપૂર્ણ રજૂઆત. વસંતભાઈને મળ્યા અને સાંભળ્યા પછી એવું ચોક્કસ લાગે કે આ માણસ પોતે જ એક વિચાર છે. વસંતભાઈને મળો, એમને સાંભળો એટલે જનસંઘ સમજાઈ જાય એવું એમનું વ્યક્તિત્વ હતું.




**શ્રી રામભાઈ મોકરીયા**



**શ્રી દિનેશભાઈ પ્રજાપતિ**

**રાજ્યસભાના નવનિર્વાચિત સંસદ સભ્યો સર્વશ્રી**
**શ્રી રામભાઈ મોકરીયા અને શ્રી દિનેશભાઈ પ્રજાપતિને**
**સમગ્ર ગુજરાત ભાજપ પરિવાર તરફથી અભિનંદન**



## નર્મદા વિકાસ યોજનાની વાત પ૪ વર્ષ પહેલાં વસંતભાઈએ કરી હતી

નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે. તેને માટે વસંતભાઈએ વર્ષો અગાઉથી ધ્યાન ખેંચ્યું હતું અને લોકમત કેળવવાનો પ્રયત્ન કર્યો હતો. 'સાધના' સાપ્તાહિક - નર્મદા યોજના વિશેષાંકમાં તા. ૧૫ ઓગસ્ટ ૧૯૬૭માં એક લેખ દ્વારા વસંતભાઈએ નર્મદા યોજનાના વિલંબ માટે કોંગ્રેસ સરકારને જવાબદાર ઠેરવી હતી. નર્મદા યોજનાની અગત્યતા બતાવવા વસંતભાઈએ લખ્યું હતું કે મધ્ય હિન્દુસ્તાનની ૮૦૦ માઈલ લાંબી નર્મદા નદીનો અગાધ જળરાશિ સમુદ્રમાં ઠલવાઈ નકામો જાય છે. એ નર્મદા યોજના તુરંત યુદ્ધના ધોરણે અમલમાં મૂકી પાણીનો સિંચાઈ, વીજળી, જળ-પરિવહન વગેરે માટે ઉપયોગ કરીને દેશની આર્થિક આબાદી વધારવી જોઈએ. કચ્છનો રણવિસ્તાર અને રાજસ્થાનનો રણવિસ્તાર કે જે પાકિસ્તાનની સરહદ પાસે છે ત્યાં સુધી નર્મદા યોજના દ્વારા સિંચાઈનું પાણી લઈ જઈ, સરહદના વિસ્તારમાં મજબૂત ખેડૂતોને વસાવી શકાય. પરંતુ, કોંગ્રેસ સરકારને આ વાતની ગંભીરતા સમજાતી નથી.

**(શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર તા. ૧૬-૦૨-૧૯૭૬ના રોજ સ્વર્ગવાસી થયેલ)**



# ભારત રત્ન નાનાજી દેશમુખ



ભારત રત્ન નાનાજી દેશમુખનું સમગ્ર જીવન રાષ્ટ્રોત્થાન માટે સમર્પિત રહ્યું. બાળપણથી જ તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંપર્કમાં આવ્યા હતા. તેમનો જન્મ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના કડોલીમાં ૧૧ ઑક્ટોબર ૧૯૧૬ના રોજ થયો હતો, પરંતુ તેમની કર્મભૂમિ રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ રહી. જ્યારે તેઓ રાજસ્થાનના પિલાની સ્થિત બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ સાયન્સમાં સ્નાતકની ડિગ્રી માટેનો અભ્યાસ કરતા હતા, ત્યારે અભ્યાસની સાથે સાથે રાજસ્થાનમાં સંઘકાર્ય સાથે પણ જોડાઈ ગયા. નાનાજી પોતાનું જીવન સંઘના માધ્યમથી રાષ્ટ્રને સમર્પિત કરવા ઇચ્છતા હતા. ૨૪ વર્ષની ઉંમરે કોલેજનું શિક્ષણ અધવચ્ચે જ છોડી દઈને તેઓ આગ્રા ચાલ્યા ગયા. આગ્રામાં કેટલાક દિવસ રહ્યા બાદ તેમને ભાઉરાવ દેવરસની પાસે કાનપુરમાં મોકલી દેવાયા. ભાઉરાવે તેમને સંઘકાર્ય શરૂ કરવા માટે ગોરખપુર મોકલી દીધા. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૦ના રોજ માત્ર ૧૪ રૂપિયા લઈને તેઓ ગોરખપુર જવા રવાના થઈ ગયા હતા. ગોરખપુર તેમના માટે નવી જગ્યા હતી. ત્યાં તેમનું કોઈ પરિચિત ન હતું. છતાં પણ લગન અને નિષ્ઠાથી ૩ વર્ષમાં જ ગોરખપુર શહેર અને શહેરની બહાર લગભગ ૨૫૦ સંઘ શાખાઓ ચાલુ કરી દીધી. શિક્ષણમાં તેમની રુચિ હતી, તેથી ૧૯૫૦માં ગોરખપુરમાં દેશમાંના પહેલા સરસ્વતી શિશુમંદિરની તેમણે સ્થાપના કરી. ત્યાર બાદ સંઘના સહ પ્રાંત પ્રચારક તરીકેનો કાર્યભાર પણ તેમણે સંભાળ્યો. ૧૯૪૮થી ૧૯૫૨ સુધી રાષ્ટ્રધર્મ પ્રકાશનના પ્રબંધ સંપાદકની જવાબદારી પણ તેમણે બખૂબી નિભાવી.

દેવેન્દ્ર સ્વરૂપજીએ 'રાષ્ટ્રઋષિ નાનાજી દેશમુખ' નામક પુસ્તકમાં લખ્યું છે કે 'નાનાજી દેશમુખ રાજનીતિના બહિષ્કારમાં નહીં, પરિષ્કારમાં વિશ્વાસ રાખતા હતા.' તેમણે પોતાના જીવનનાં ૩૦ વર્ષ રાજનીતિમાં વિતાવ્યાં. જ્યારે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના નેતૃત્વમાં ભારતીય જનસંઘ બની રહ્યો હતો ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે તેમને દીનદયાળજી અને અન્ય કાર્યકર્તાઓની સાથે ભારતીય જનસંઘનું સંગઠન મજબૂત કરવા માટે ઉત્તર પ્રદેશમાં મોકલી દીધા. અટલજીની ભાષણકલા અને નાનાજી દેશમુખની સંગઠનક્ષમતા ઉત્તર પ્રદેશમાં જનસંઘનો વ્યાપ વધારવામાં ઘણાં સહાયક સિદ્ધ થયાં. ત્યાર બાદ તેમને પૂર્વ ભારતના સંગઠન પ્રભારી બનાવી દેવામાં આવ્યા, જેમાં ઉત્તર પ્રદેશ સિવાયના બિહાર, બંગાળ, અસમ આદિ ક્ષેત્રો આવતાં હતાં. નાનાજી આપાતકાળની વિરુદ્ધમાં જયપ્રકાશજીના આંદોલનના મુખ્ય રણનીતિકારોમાંના એક હતા. નાનાજીના જ નિવેદન પર ચાર વિપક્ષી દળો-ભારતીય લોકદળ, કોંગ્રેસ (સંગઠન), સમાજવાદી પાર્ટી અને ભારતીય જનસંઘે સંયુક્ત રૂપે પોતાની કાર્યસમિતિ દિલ્હીમાં બનાવી અને આંદોલનને દઢ બનાવવા માટે 'લોક સંઘર્ષ સમિતિ' બનાવી. આ સમિતિના મહામંત્રીની જવાબદારી નાનાજી દેશમુખને સોંપવામાં આવી. કટોકટીકાળમાં નાનાજીએ ૧૭ મહિનાનો જેલવાસ ભોગવ્યો. જ્યારે કટોકટી હટાવી દેવામાં આવી ત્યારે 'જનતા સરકાર' બનાવવામાં નાનાજીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. જનસંઘનો જનતા પાર્ટીમાં વિલય કરવામાં પણ નાનાજીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.

ઉપરાંત લોકસભા ચૂંટણીમાં બલરામપુર બેઠક પરથી નાનાજી જીત્યા હતા, તેથી મોરારજી સરકારમાં તેમને મંત્રીપદ આપવાનું નક્કી થયું હતું, પરંતુ તેમણે તેમનો સ્વીકાર કર્યો નહોતો. તેઓ સંગઠન કાર્યમાં જ જોતરાયેલા રહ્યા. રાજનીતિ સિવાય તેમણે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વાવલંબી ગ્રામનિર્માણના ક્ષેત્રમાં પણ કામ કર્યું. તેમણે વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં પણ ભાગ લીધો હતો. ૬૦ વર્ષની વયે સંન્યાસ ગ્રહીને તેઓ રચનાત્મક કાર્યોમાં જોડાઈ ગયા.

નાનાજીએ જીવનનાં ૩૪ વર્ષ રચનાત્મક કાર્યોમાં ગાળ્યાં. ચિત્રકૂટના પછાત ક્ષેત્રોના સમગ્ર વિકાસ માટે તેમણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું. નાનાજીએ ત્યાં દીનદયાળ શોધ-સંસ્થાનની સ્થાપના કરી. ચિત્રકૂટમાં દેશના પ્રથમ વિશ્વવિદ્યાલયની સ્થાપના નાનાજી દ્વારા કરવામાં આવી, અને તેના પ્રથમ કુલપતિની જવાબદારી પણ તેમણે જ નિભાવી. તેમણે ચિત્રકૂટમાં ઘણા બધા પ્રકલ્પોની સ્થાપના કરી, જેવા કે આરોગ્યધામ ઉદ્યમિતા વિદ્યાપીઠ, ગૌશાળા, વનવાસી છાત્રાવાસ, ગુરુકુળ, સુરેન્દ્રપાલ ગ્રામોદય વિદ્યાલય આદિ. તેમણે ૫૦૦ ગામડાંઓને વિકસિત અને સશક્ત બનાવ્યાં. સ્વાર્થરહિત રાષ્ટ્રસેવામાં તેમણે જીવન હોમી દીધું હોવાથી તેમને રાષ્ટ્રઋષિ કહેવામાં આવ્યા. ૧૯૯૯માં નાનાજીને પદ્મવિભૂષણ અને ૨૦૧૯માં ભારત સરકારે મરણોપરાન્ત ભારત રત્ન એવોર્ડથી સન્માનિત કર્યા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ૯૪ વર્ષનું આયુષ્ય ભોગવી ચિત્રકૂટમાં તેમનો દેહવિલય થયો.

# ખાનપુર કાર્યાલય ખાતે ૬ મહાનગરપાલિકાઓમાં મેળવેલ ભવ્ય વિજયનો વિજયોત્સવ



REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev



## ધન્યવાદ ગુજરાત

હું ગુજરાત ભાજપના દરેક કાર્યકર્તાઓના પ્રયત્નોની પ્રશંસા કરું છું. જેમણે લોકો સુધી પહોંચી રાજ્ય માટેની આપણા પક્ષની દૂરદૃષ્ટિ વિસ્તૃત કરી. ગુજરાત સરકારની લોકાભિમુખ નીતિઓની સમગ્ર રાજ્યમાં સકારાત્મક અસર થઈ છે.

ગુજરાતની આજની સમગ્ર જીત સવિશેષ છે. જે પક્ષ બે દાયકાથી વધુ સમયથી રાજ્યની સેવામાં પ્રવૃત્ત હોય તેના માટે આવી અસાધારણ જીત મેળવવી એ નોંધપાત્ર ઘટના છે. સમાજના તમામ વર્ગ, ખાસ કરીને ગુજરાતના યુવાનોનું ભાજપ તરફી સમર્થન ઉત્સાહપ્રેરક છે.

રાજ્યભરની મહાનગરપાલિકાઓની ચૂંટણીઓનાં પરિણામો સ્પષ્ટપણે બતાવે છે કે લોકો વિકાસની રાજનીતિ અને સુશાસન પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવે છે.

ફરી એકવાર ભાજપ પર વિશ્વાસ મૂકવા બદલ રાજ્યની જનતાનો આભારી છું.

ગુજરાતની સેવા કરવી એ હંમેશાં ગૌરવ છે.



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.